
# અધ્યાત્મ

વર્ષ : ૧૦
અંક : ૨
નવેમ્બર : ૧૯૮૮



## પૂ. માશ્રી સર્વેશ્વરી ૮–ડીસે. '૮૮ ના રોજ ભારત પધારશે

પ. પૂ. માશ્રી સર્વેશ્વરી છ માસની વિદેશયાત્રા બાદ તા ૮–ડીસે. ૧૯૮૮ ને ગુરૂવારના રોજ મધ્ય રાત્રે ૧–૧૦ મિનિટે પાન અમેરિકન એરલ ઈન્સ ફલાઇટ નં. ૬૬ થી ભારત આવી રહ્યાં છે. તેઓ ઇન્ટરનેશનલ સહાર એરપોર્ટ (મુંબઇ શાન્તાક્રુઝ) ખાતે ઉતરશે.

તેઓશ્રીના એર પોર્ટ ખાતેના સ્વાગતમાં જે ભાઇબહેનો જોડાવા માગતાં હોય તેઓએ પોતાના નામ શ્રી મધુભાઇ હરગોવિંદ ભટ્ટ, શ્રોફ એપાર્ટમેન્ટ, બી વીંગ, છઠ્ઠે માળે સોડાવાલા લેન, બોરીવલી વેસ્ટ, મુંબઇ નં. ૯૨ ને જાણ તા. ૧–૧૨–૮૮ પહેલાં કરવી, જેથી એરપોર્ટ માટેની બસમાં તેમની વ્યવસ્થા થઇ શકે. દરેક વ્યકિતએ બસભાડાનો હિસ્સો આપવાનો રહેશે.

પૂ. માનો ઉતારો ઉપરોક્ત સ્થળે તા. ૯,૧૦ અને ૧૧ ડીસે. સુધી રહેશે. સત્સંગના કાર્યક્રમની જાણ પૂ. માના આગમન બાદ જાહેર કરવામાં આવશે.

જે ભાઇ બહેનો બહારગામથી પૂ. માના આગમન પ્રસંગે મુંબઈ આવવાનાં હોય ને જેમને ઉતારાની સગવડ ન હોય, તેમણે શ્રી મધુભાઇ ભટ્ટને ઉપરોકત સરનામે અઠવાડિયા અગાઉ જાણ કરવી, જેથી તેઓના ઉતારાની વ્યવસ્થા ગોઠવી શકાય.

—તંત્રી

સર્વેશ્વરી મહાદેવી, સર્વલોક નિવાસિની,
નમું તમને, નમુ તમને, વારંવાર નમું નમું.



પૂ. મા શ્રી સર્વેશ્વરી

## * છૂટાં પડી શકો તો ! *

છૂટાં પડી શકો તો, છૂટાં પડી શકો છો.
દિલમાં તમોને સ્થાપ્યાં, મમતાની સાથે માપ્યાં,
છો રોમરોમમાં વ્યાપ્યાં, ક્યાંથી જશો હવે તો ?-
તોયે કહો તમે કે છૂટાં હવે પડીશું,
આ કાળના પ્રવાહે ક્યારે કહો મળીશું !
ના દેશકાળ પાડે છૂટાં કદીય ઉરને
તન છો પડે અલગ પણ, રાખીશું સાથ મનને.
છૂટાં પડી શકો તો.

તપના પવિત્ર તીર્થે સંયમતણી સુ-સરિતા,
મંદિર રચ્યું પ્રણયનું ગાતાં રસાળ કવિતા,
પૂજીશું પ્રેમે નિશદિન, ત્યાં આરતી ઉતારી,
નૈવેદ્ય દિવ્ય ધરીશું નિયમો સમસ્ત પાળી.
પ્રતિ પળ સમીપ શ્વાસોશ્વાસે મળી રહીશું,
સરિતા ને સિન્ધુસરખાં સંગમ મહીં વહીશું,
હું તો પડી શકું ના, જાણો તમે તમારી,
હૃદયે સદા રમો છો, ક્યાંથી ને ક્યાં જશો હા !
છૂટાં પડી શકો તો.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૧૦ અંક : ૨ છૂટક નકલ ૨-૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૬૩
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| અમારી વિદેશયાત્રા (૫) | નારાયણ હ. જાની | ૮ |
| કાયાકલ્પ–નૂતન અર્થદર્શન | મહેન્દ્ર ઈ. પંડ્યા | ૧૭ |
| શુભેચ્છા–પૂ. માને જન્મદિન નિમિત્તે | તંત્રી | ૨૪ |
| પૂ. માનાં વિધવિધ સ્વરૂપ | આશા ભક્ત | ૨૫ |
| સાધના માટેનું ત્રિવિધ સંયુક્ત સાધન | શ્રી યોગેશ્વરજી | ૩૯ |
| હું શું છે? | ઈશ્વરભાઈ શાહ | ૪૨ |
| સમત્વધારી–યોગીજી મહારાજ | સાધુ પ્રીતમપ્રસાદદાસજી | ૪૬ |
| કબીર–સુધા | પરમાર્થી | ૫૦ |
| સમર્પણ–પૂર્ણતાનું દ્વાર | ભાઈલાલભાઈ છાટબાર | ૫૮ |


### * સુધારો *

ઓકટો. ૮૮ના અંકમાં ટાઇટલ પેજ નં. ૩ ઉપર સદ્‌ભાવભરી ભેટની જે રકમો છપાઇ છે. તેમાં શ્રી દુર્લભભાઇ મિસ્રીની રકમ રૂા. ૧૨૦૧ છે, તેને બદલે છાપકામની ભૂલથી રૂા. ૧૨૦ છપાઇ છે; તો તે સુધારી વાંચવા વિનંતી.

—તંત્રી




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૦ નવેમ્બર–૧૯૮૮ અંક : ૨


## શ્રી યોગેશ્વર કથામૃત

-મા સર્વેશ્વરી

તા. ૭/૯/૧૯૮૦ રવિવાર શ્રાવણવદ તેરસ ૨૦૩૬ સ્થળ : સરદારનગર, ભાવનગર.

પૂ. શ્રીનું જીવન આજકાલ સેવામાં વીતે છે. માતાજી આજકાલ રાત્રે સૂતાં નથી. પોણા પોણા કલાકે માતાજી જાગે છે. જાગ્યા પછી પૂ. શ્રી દરેક વખતે એક એક કલાક સેવામાં ગાળે છે. પૂરતો આરામ મળતો નથી, છતાં પ્રસન્નતાપૂર્વક સેવા કર્યા કરે છે. રોજની જેમ આજે પણ સવારથી પૂ. શ્રી ૧૧–૧૫ વાગ્યા સુધી પૂ. માતાજી પાસે સેવામાં રહે છે. ૧૧–૧૫ વાગ્યે મારી પાસે લખવાની પેન અને ડાયરી માંગે છે.

હમણાં બે દિવસ ઉપર જ મનમાં નિર્ણય કર્યો હતો કે મારી ઇચ્છાથી મારે પૂ. શ્રીને ડાયરી ન આપવી. જરૂર હશે તો પૂ. શ્રી જ માંગી લેશે. ને આજે જરૂર હશે તેથી ડાયરી માંગી સંદેશો લખાયો છે.

સાડા અગિયારે માતાજીને કંઇક ભાવે તે આપી દેવામાં આવે છે. બાર વાગ્યે પૂ. શ્રી ભોજન માટે બહાર આવી જાય છે, માતાજી આજે સ્વસ્થ છે.

ભોજન બાદ ફરી સેવામાં હાજર થઇ જાય છે. વચ્ચે

વળી થોડો આરામ, એમ કરતાં કરતાં સાડા છ થવા આવ્યા છે. પૂ. શ્રી તૈયાર થાય છે. ત્યાં જ માતાજીને સેવાની જરૂર પડે છે તેથી પૂ. શ્રી સાત વાગ્યે બહાર આવે છે.

બહાર મંડપમાં સૌ સત્સંગીઓ રાહ જોઇને બેઠા છે. ભાવનગરના થિયોસોફીકલ સોસાયટીનાં બેન શ્રી કમળાબેન ભજનો ગવડાવે છે. પૂ. શ્રી આવીને બેઠક ઉપર બેઠા છે. પૂ. શ્રીને પ્રણામ કરી મેં પણ મારી બેઠક લીધી.

[પૂ. શ્રીની સાથે રહેવાનું સદ્‌ભાગ્ય મળ્યું ત્યારે હું સત્સંગીઓની સાથે જ બેસવાનું ઇચ્છતી હતી, પણ મોરબી શિબિરમાં જેમ અલગ આસન હતું તેમ વડોદરા, છોટા-ઉદેપૂર ને સુરતના પ્રવચનોમાં સત્સંગીઓની સાથે જ મેં મારી અલગ બેઠક રાખી હતી. પરંતુ ૧૫ ઓગસ્ટના સાંજના પૂ. શ્રીના પ્રવચનમાં મંચની સામે ખુરશીઓ જ હતી. ખુરશી પર પહેલી હરોળમાં પ્રવચનની શરૂઆતમાં જઇને સ્થાન લઇ લઈશ એમ મનમાં હતું, પરંતુ પ્રવચન સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે પહેલી હરોળ સહિત આખો હોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો. પરિણામે મંચ ઉપર જ અમદાવાદના સંચાલક સેવામૂર્તિ બાબુભાઈ વોરાએ જે બેઠક મારી રાખી હતી તેના ઉપર મારે ફરજીયાત બેસવું પડ્યું. ત્યાર પછી થોડા જ દિવસોમાં ભાવનગર આવવાનું બન્યું, તો ટાઉનહોલમાં પૂ. શ્રીની અલગ બેઠક તેની પાસે માતાજી માટે ખુરશી અને એ ખુરશીની પાસે જ મારું આસન પણ મૂકાયું હતું, જેથી ત્યાં બેસવાનું બન્યું. આમ પૂ. શ્રીની સાથે રહેવાથી આ રીતે બેઠકમાં પણ પ્રગતિ થતી ગઇ. પૂ. શ્રી વારંવાર કહે છે તેમ હવે શ્રી યોગેશ્વરજી સાથે રહેનાર વ્યક્તિ તરીકેના સંદર્ભમાં આવો છો જેથી તમારૂં આસન અલગ રહે એ ઇચ્છનીય છે. એટલે અહીં ઉતારા ઉપરના



સત્સંગમાં પણ પ્રેક્ષકોની સામે શ્રી યોગેશ્વરજીની સાથે અલગ આસન મૂકવામાં આવ્યું હોવાથી ત્યાં બેસવાનું બને છે.]

ગઈ કાલે પૂ. શ્રીએ આ સત્સંગમાં બીજા એક રસપ્રદ કાર્યક્રમની જાહેરાત કરી હતી તે મુજબ આજે પૂ. શ્રી "મારા જીવનમાં મેં જોયેલા મહાપુરુષો" ઉપર વક્તવ્ય આપનાર હતા.

પ્રસન્નતાયામ્......નો શ્લોક બોલીને પૂ. શ્રી કહે છેઃ–

આદ્યશંકરાચાર્ય પોતાના એક સ્તોત્રમાં કહે છે કે સમાગમ કરવો જ હોય તો સંતપુરુષનો કરવો. ત્યાગી માટેની આ ભલામણ સંસારીઓને પણ લાગુ પડે છે. સાધનામાં જીવનની વિશુદ્ધિ જરૂરી છે. જપ ને ધ્યાનથી મન અંતર્મુખ થાય છે. વિષયોનું શમન થાય પછી દિવ્યકોટિના મહાપુરુષોનું દર્શન થાય છે, સાધકોને સ્વપ્નમાં દર્શન થાય છે, વાતચીત થાય છે, મંત્રો મળે, માર્ગદર્શન મળે, પ્રેરણા પણ મળે છે. અમે ઝામ્બીયાના પ્રવાસે ગયા તો સર્વેશ્વરી પણ મારી સાથે હતાં. ત્યાંના લીવિંગ્સ્ટન શહેરમાં પ્રવચન માટે જવાનું થયું. ત્યાં વલ્લભભાઈ નામના એક ભક્તિભાવવાળા ભાઇને અમે ત્યાં જઇએ તે પહેલાં સ્વપ્નદર્શન ને સૂચના મળી હતી કે દક્ષિણેશ્વરથી બે આત્મા આવી રહ્યા છે તેની સેવા કરજે, અમારા બન્નેનું ખૂબ સ્પષ્ટ દર્શન એમને સ્વપ્નાવસ્થામાં થયું હતું.

કોઈ પણ મહાપુરુષો પાસે આપણે જઇએ છીએ, તેથી આપણને શાંતિ મળે છે, માટે જઇએ છીએ. આપણે આપણા માટે જઇએ છીએ.

હિમાલય જતાં પહેલાં દસ વરસ મેં રાત્રે ૧૨ થી ૩ ધ્યાનમાં બેસવાની, અઠવાડિયામાં બે વાર મૌન રાખવાની, શેત્રંજી ઉપર સુવાની ને ઠંડા પાણીએ સ્નાન કરવાની ટેવ

પાડી હતી.

૧૫ વરસની નાનકડી વયે કોઈ જોરદાર સાધના ન હતી, છતાં ઈશ્વરની કૃપાથી ખુલ્લી આંખે જે દર્શન દુર્લક્ષ ગણાય તે મને થયું. તેમાં ભગવાન બુદ્ધનું દિવ્ય અલૌકિક દર્શન અવકાશમાં થયું. ખૂબ સ્પષ્ટ એ દર્શન હતું. ત્યાર પછી તો ઘણાં દિવ્ય સંતોનાં, દિવ્ય મહાપુરુષોનાં ઈશ્વરના વિવિધ સ્વરૂપોનાં અલૌકિક દર્શનો થતાં રહ્યાં.

ઘણાંને એમ થાય છે કે આ ઉઘાડી આંખે જે દર્શન થાય છે, તે મનના ખેલ તો નહિ હોય! પણ વાંચીને, સાંભળીને, વિચારીને એ માનવાનું મારે માટે રહ્યું નથી; એ અનુભવવા મળ્યું છે. જેમ મુંબઈ વિષે વાંચીએ, સાંભળીએ વિચારીએ ને માનીએ કે નકશામાં જોઈએ તેમાં-અને જાતે મુંબઇ જઈને જોઈ આવીએ તો તેમાં ફેર પડે જ ને! જાતે મુંબઈ જઇને મુંબઈ જોઇ આવ્યા હોઇએ અને કોઈ કહે "જા-હવે મુંબઇ નામનું તો કોઇ શહેર જ નથી." તો જોનાર એ વાત માને ખરો? એ રીતે ઈશ્વર વિષે વાંચીએ, સાંભળીયે, વિચારીએ અને માનીએ તે જુદી વાત અને પ્રત્યક્ષ ખુલ્લી આંખે જોઈએ તે જુદી વાત છે. તો ઈશ્વર દર્શન વિષે આખું જગત વિરોધ કરે કે એ તો મનના ખેલ છે, મનમાંથી ઉત્પન્ન થયેલી વસ્તુ છે, તો તે કેમ માની શકાય? ઈશ્વર એ મનનો ખેલ અને મનથી ઉત્પન્ન થયેલી વસ્તુ જ નથી. ઈશ્વર તો છે જ. એને અનુભવવાનું કામ મન કરે છે, સિદ્ધ, પૂર્ણ, દિવ્ય મહાપુરુષો છે જ. તેમનાં દર્શનોને મન અનુભવે છે. મહાપુરુષો શા માટે આપણાને દર્શન આપે છે તે આપણને ખબર નથી.

પ્રભુને સર્વસમર્પણ કરીએ તો દર્શન આપે અથવા જીવંત સંતનું દર્શન કરાવે, તેનો સત્સંગ કરાવે, તેની સાથે



વાર્તાલાપ કરાવે. તે તે જીવનાં કલ્યાણ માટે જ કરાવે છે. ગીતામાં ભગવાને કહ્યું, माम् एकम् शरणं व्रज । મારું જ શરણું લે.

જીવ તું સવેળા હવે શરણું લઈ લે એ ભજનની એક લીટી પૂ. શ્રી ગવડાવે છે. પછી માઇક સર્વેશ્વરી તરફ મોકલવામાં આવે છે. જેથી આખું ભજન સર્વેશ્વરી ગવડાવે છે.

ભજન પૂરું થતાં થોડી જ્ઞાન સાથે ગમ્મત કરાવે છે. ઘણા પૂછે છે, "હાલતાં, ચાલતાં હરિ ગુણ ગાઇએ તો ચાલે કે કેમ?" તો 'હું કહું છું' કે હાલતાં ચાલતાં દાળભાત ખાઓ અને બેસીને ખાઓ એમાં આનંદ કે ફેર ખરો કે નહીં?" ઉભા ઉભા ખાવાની, ન્હાવાની, ટેબલ ખુરશી ઉપર બેસીને ભોજન કરવાની ફેશન ઉપર ટકોર કરીને શ્રોતાઓને હસાવતાં કહે છે કે પ્રભુને કહેવું, "હે પ્રભુ! કળિયુગમાં ભક્તિનાં પેપરો સહેલાં કાઢજો, પ્રહ્લાદ અને ધ્રુવજીના જેવાં કાઢશો તો કોઇ ભક્ત પાસ નહિ થાય. માટે હે પ્રભુ! જેવો તેવો હું છું પણ તારો છું એમ કહો."

"કરુણાસિંધુ ગ્રહો કર મારો,
નાથ, હું જેવો તેવો પણ તારો."

"સાંકડાના સાથી શામળીયા, છો બગડ્યાના બેલી,
શરણ પડ્યો ખલ અમીત કુકર્મી તદપિ ન મુકો ઠેલી"

પછી ભજગોવિન્દમ્, ભજગોપાલમ્......ની ધૂન બોલાવી બેઠક પૂર્ણ કરે છે.

ઉતારા પર અંદર આવી પૂ. માતાજી પાસે નવ વાગ્યા સુધી સેવામાં રહે છે. પછી સ્નાન કરી પોતે બટાકાપૌંઆ અને શીરો, દૂધ વિ. લે છે. ફરી માતાજીને મલમ, બરફ ઘસી અને દવા આપીને સુવાડે છે. ૧૧ વાગ્યા સુધી બન્ને વાતો કરે છે પછી આરામ કરે છે.

હરિ : ૐ હરિ : ૐ હરિ : ૐ

# અમારી વિદેશયાત્ર (૫)

નારાયણ હ. જાની

લોસ એન્જેલેસના અમારા રોકાણ દરમ્યાન પૂ. માશ્રી સર્વેશ્વરીએ એક દિવસ પરમહંસ શ્રી યોગાનંદના પર્વત ઉપરના આશ્રમની મુલાકાતે થોડા ભકતો સાથે જવાનું ગોઠવ્યું છે. પૂ. માએ તો પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી સાથે ૧૯૮૧ માં આ આશ્રમની મુલાકાત લીધેલી. એટલે એમને માટે આ સ્થાનની મુલાકાત નવી નથી. પરંતુ અમે વિદેશયાત્રા દરમ્યાન આધ્યાત્મિક રીતે જાણીતા આ પવિત્ર સ્થળને જોઈ લઈએ, એવી પૂ. માની ભાવના છે.

એમનું શારીરિક સ્વાસ્થ્ય આ દિવસો દરમ્યાન સારૂં નથી. તેઓને એકધારા ઉપવાસોને લીધે થોડો પણ પરિશ્રમ પડતાં તાવ આવી જાય છે. વળી આવા સ્થળોની મુલાકાતમાં ચાલવું તો પડે જ. આમ છતાં અમારી ખાતર પૂ. માએ આ કષ્ટ ઉઠાવ્યું એવું અમને લાગે છે. જો કે અમારી સાથે આવનાર અર્ધા ઉપરાંત ભાઇબહેનો લોસ એન્જેલેસમાં વસવા છતાં અહીં પહેલી વારજ અમારી સાથે જોડાય છે.

ભારતમાં આપણે કોઈ એક દિવસની નાની સરખી યાત્રાએ જતા હોઇએ એવો અમારો આ કાર્યક્રમ થાય છે. પૂ. માના ભકત શ્રી ધીરૂભાઇ દેસાઇ પોતાના વાન સાથે સવારે ૮-૦૦ વાગે આવી હાજર થઇ જાય છે. તેમાં સહેલાઇથી પંદર જેટલાં ભાઇબહેનો બેસી શકે એવી સારી વ્યવસ્થા છે. પૂ. મા માટે અમારા યજમાન શ્રી ભગવાનજીભાઈએ પોતાની નવી સરસ ગાડી લીધી છે. તો એમનાં પત્ની શ્રી કંચનબેને બધાં ભાઈ-



બહેનો માટે વહેલી સવારે ઊઠી હાંડવાનો નાસ્તો પણ તૈયાર કરી આપ્યો છે.

અમારામાં શ્રી ધીરૂભાઇ દેસાઈ આ સ્થાનથી પરિચિત છે. તેઓ થોડા દિવસો પહેલાં જ આ સ્થળની મુલાકાતે પોતાના મિત્રો સાથે આવ્યા હતા. તે સમયે સેલ્ફ રીઅલાઇઝેશન ફેલોશીપ આશ્રમનાં અધ્યક્ષા પૂ. માશ્રી દયામાતાની મુલાકાત પણ તેઓ લઈ શકયા હતા. તે વખતે પૂ. માતાજી ત્યાં બિરાજતાં હતાં.

અમારા ઉતારાના સ્થાનથી પર્વતની ટેકરી પરનો આ આશ્રમ આસરે પચાસેક માઇલ જેટલો દૂર હશે. એટલે અમે સવારે ૮-૩૦ કલાકે ત્યાં પહોંચવા પ્રસ્થાન કરીએ છીએ. એમાં ખાસ્સો દોઢેક કલાક લાગી જાય છે કારણ કે સવારના ભાગમાં અમેરિકાનાં બધાં શહેરોની જેમ અહીં લોસ એન્જેલેસમાં પણ વાહનોના ટ્રાફીકનો પ્રશ્ન ઝડપી ગતિમાં અવરોધક બને છે.

પરંતુ અમે આ સમયનો સદુપયોગ કરીએ છીએ. પૂ. માની ખાસ સૂચના છે કે આવા સમયને માત્ર બહાર જોવામાં વેડફી ન નાંખવો. સ્તોત્રપાઠ કે સ્તુતિઓનું ગાન એ સમય દરમ્યાન કરવું, જેથી પ્રભુસ્મરણનો લાભ મનને મળે અને આ કેવળ પ્રવાસ કે સ્થળોનું અવલોકન કે નિરીક્ષણ બની ન જાય, પરંતુ પ્રભુનો કે પ્રભુના ભકતોનો જ્યાં મહિમાવંત વાસ છે, ત્યાંની યાત્રા છે, એનું સ્મરણ રહે. કેવો સરસ અભિગમ!

પૂ. મા પણ આમ તો બપોરે બારએક વાગ્યા સુધી પોતાનું બાર કલાકનું મૌન રાખે છે ને પોતાના સાધાનાત્મક કાર્યક્રમોમાં વ્યસ્ત રહે છે. પરંતુ આજે અમારે જવાનું

હોવાથી, તેઓ પણ પ્રવાસ દરમ્યાન પોતાના જપ કરતાં રહે છે. તેઓ जपात् सिद्धिः कलौ युगे । કલિકાળમાં જપ વડે સિદ્ધિ પ્રાપ્ત થાય છે, એમાં માને છે. એટલે એમના રોજીંદા સાધનાત્મક કાર્યક્રમમાં જપનું પ્રાધાન્ય રહે છે. ચિત્તની એકાગ્રતા સાધવામાં જપ ઘણા મદદરૂપ થાય છે. એટલે બીજી દૃષ્ટિથી વિચારીએ તો યોગની વિવિધ ક્રિયાઓ દ્વારા ચિત્તનો નિરોધ કરવાનો જે હેતુ છે તે આમ સહજ રીતે જપથી સિદ્ધ થઈ જતો જણાય છે.

પરમહંસ શ્રી યોગાનંદજીનો આશ્રમ પર્વતની ટોચ ઉપર છે. ત્યાં દોરી જતો રસ્તો ઘણા વળાંકોવાળો ને વાહનને સાવધાની પૂર્વક હાંકવા જેવો છે. પરંતુ આપણે જેવા તે આશ્રમના વિસ્તારમાં પ્રવેશીએ છીએ કે એક સુંદર વનરાજીથી સુશોભિત દૃશ્ય વચ્ચે-એક સરસ એકમાળનું મોટું મકાન નજરે પડે છે. અમે અમારૂં વાહન એક બાજુ થોભાવીએ છે. પૂ. મા પણ તેઓના વાહનમાંથી ઉતરી, અમને સહુને આશ્રમના મુખ્ય મકાનમાં દોરી જાય છે.

ત્યાં પહોંચતાં પહેલાં માર્ગની એક બાજુની ઘાસની હરિયાળીમાં માટીનાં હરણોનાં પૂતળાં મૂકેલાં જણાય છે. ઉપલક નજરે જોતાં, તે સજીવ જેવાં લાગે છે. પરંતુ જરા વધુ ચોકસાઇથી જોતાં તેમની નિર્જીવતાનો ખ્યાલ આવી જાય છે. મને પણ એવો ભ્રમ થયેલો.

આશ્રમના મકાનના આગળના ભાગમાં પોર્ચ છે. ત્યાંથી અમે અંદર પ્રવેશીએ છીએ. સામેજ માર્ગદર્શકનું ટેબલ છે. ત્યાં જઈ અમને આશ્રમની માહિતી આપવા તેમજ મહત્ત્વનાં સ્થળો બતાવવા માર્ગદર્શક માટેની વિનંતી કરીએ છીએ. ત્યાં બેઠેલાં બહેન-અમને જરા થોભવા જણાવે છે. તે દર-



મ્યાન અમે પુસ્તકાલય ખંડમાં પ્રવેશી અમારી મેળે બધું જોવા લાગીએ છીએ. અહીં પરમહંસ શ્રી યોગાનંદજીની કેટલીક વસ્તુઓ સરસ રીતે સંઘરવામાં આવી છે. પૂ. મા અમારૂં ધ્યાન તે પ્રત્યે દોરે છે. અમે તે બધી વસ્તુઓ રસપૂર્વક ઝીણવટથી નિહાળીએ છીએ. એ જોતાં અમને વિચાર આવે છે કે એક સંત પુરુષનો સંસ્પર્શ પામવાથી જડ વસ્તુઓ–કપડાં, ચશ્માં, લેખિની કે અન્ય ચીજોનું ભાગ્ય પણ કેવું પલટાઇ જાય છે? સામાન્ય જે વસ્તુ કાળના ગર્ભમાં ટૂંક સમયમાં નષ્ટ થઇ ગઇ હોત, તેને કેવી સરસ સુરક્ષિતપણે સાચવવામાં આવી છે! વળી તેમને નિહાળી એ સંત પુરુષ પ્રત્યે આદરભાવ ધરાવતા કેટલાય શ્રદ્ધાળુ માનવો એમને અહોભાવથી નિહાળે છે, સ્પર્શ કરી વંદન કરે છે. એ એમ માને છે કે એ મહાપુરુષના સંસ્પર્શમાં એવી દિવ્ય ચેતન શકિત રહેલી છે, જેના ઉપર કાળ કે અન્ય કોઇ વસ્તુની અસર કદી થતી નથી. એમના સ્પર્શનાં ચેતનાસભર પરમાણુઓ–અજબ જેવી અમર શકિત ધરાવે છે. વિજ્ઞાન પણ આજે એની પુષ્ટિ આપે છે. આ ગ્રંથાલયમાં પુસ્તકો પણ સારા પ્રમાણમાં છે. પરંતુ મોટાભાગનાં અંગ્રેજીભાષામાં છે. જો કે અમે તેમાંથી કોઇ પુસ્તક લઇને જોતા નથી. અહીં થોડી ખુરસીઓ ને સોફા પણ છે, જ્યાં મુલાકાતીઓ વિશ્રામ કરી શકે છે.

આ ખંડનું વાતાવરણ સારૂં લાગે છે. આસપાસ ખાસ વસ્તી નથી અને અહીં આશ્રમમાં રહેનારાંઓની સંખ્યા ઓછી જણાય છે. એટલે ખલેલ વગરની નીરવ શાંતિ વ્યાપેલી જણાય છે. તે પછી ઊઠી અમે સામેની બાજુના એક વિશાળ ખંડમાં પ્રવેશીએ છીએ. અહીં હારબંધ ખુરસીઓવાળી બેઠકો છે. અમારાં ચંપલ-બુટ ઉતારી અમે ખંડના મધ્ય-

ભાગમાં જઇએ છીએ. ત્યાં સામે દિવાલ ઉપર જે તસ્વીરો રાખવામાં આવેલી છે, તેમને શ્રી યોગીકથામૃત (પરમહંસ શ્રી યોગાનંદજીની આત્મકથાને) વાંચનાર વ્યક્તિ ઓળખી જાય છે. એ તસ્વીરોમાં પરમહંસ શ્રી યોગાનંદજીના ગુરુ શ્રી યુક્તેશ્વરગિરિજી, તેમના ગુરુ શ્રી લાહિરી મહાશય અને તેમનાય ગુરુ શ્રી બાબાજીની છે. તે ઉપરાંત ભગવાન શ્રી કૃષ્ણ અને ઇશુ ખ્રિસ્તની પણ છે.

એ તસ્વીરો સામે નજર કરતાં અમને વિચાર આવે છે કે પરમહંસ શ્રી યોગાનંદજીએ પોતાના ગુરુ પરંપરાના એ મહાપુરુષોની પીછાણ જગતને ન કરાવી હોત તો જગત એમનાથી સાવ અજાણ્યું રહી જાત. આવા સમર્થ મહાપુરુષો અસ્તિત્વ ધરાવતા હતા કે કેમ એની પીછાણ જગતને કદાચ કદી થાત પણ નહિ. શ્રી યોગાનંદજીએ એમનો પરિચય પોતાની આત્મકથામાં કરાવીને, આધ્યાત્મિક જગતના એ તારલાઓને અમર બનાવી દીધા છે. કાળના ગર્ભમાં આવા કેટકેટલા મહાપુરુષો સૂક્ષ્મદેહે અસ્તિત્વ ધરાવતા હશે તે કોણ કહી શકે ?

અમે પૂ. માની સાથે આ તસ્વીરો સામેના મંચ ઉપર ધ્યાનમાં બેસીએ છીએ. જાણવા મળ્યું કે સાધકો ને આગંતુકો આ ખંડમાં ધ્યાનમાં બેસે છે, પરંતુ અમારી જેમ નહિ. તેઓ ખુરશી ઉપર બેસી ધ્યાન કરે છે. અમેરિકા તેમજ પશ્ચિમના ઘણા ખરા દેશોના લોકો ભોંય પર બેસી પલાંઠી કે પદ્માસનમાં બેસી શકતા નથી. એમને ખુરશી ઉપર બેસીને ધ્યાન કરવાનું ફાવે છે. ભગવાન પતંજલિએ એટલે જ ધ્યાન માટેની વ્યાખ્યા ખૂબ ઉદાર ને વિશાળ ભાવની આપી છે. स्थिरं सुखं आसनम् । –જેમાં સુખપૂર્વક સ્થિરતાથી બેસી શકાય



એ ધ્યાન માટેનું ઉત્તમ આસન. એથી દરેક વ્યક્તિ માટે તે આસન જુદા જુદા પ્રકારનું હોઇ શકે.

પૂ. માનું મન તો ધ્યાનમાં બેસતાંજ એકાગ્રતા અનુભવે છે ને શરીર તેમજ આસપાસનું ભાન તેઓ સહજ રીતે ભૂલી જાય છે. પરંતુ અમારૂ મન તો શ્રી યોગાનંદજી અને એમની ગુરુ પરંપરાના વિચારોમાં લાગી જાય છે. અહીં અમને ભગવાન કૃષ્ણ અને ક્રાઇસ્ટનો સમન્વય પણ ગમ્યો. પશ્ચિમના ખ્રિસ્તી ધાર્મિક પરંપરામાં ઉછરેલા માનવોને ભગવાન ઇસુ પ્રત્યે આકર્ષણ રહે એ સ્વાભાવિક છે, તો ભારતીય સાધકોને ભગવાન કૃષ્ણ સરળતાથી ગ્રાહ્ય બને એ દેખીતું છે. સાચું તો એ છે કે ભગવાન કૃષ્ણ કે ક્રાઇસ્ટ બન્ને પરમ ચેતનાનાં દેશ અને કાળની આવશ્યકતા અનુસારનાં સ્વરૂપો છે. બન્ને પૂજ્ય ને વંદનીય છે. બન્ને પોતપોતાના યુગ સંદેશાઓ આપીને ભૌતિક રીતે વિદાય થયાં છે. પરંતુ માનવ હૃદયોમાં સદાય જીવંત રહ્યાં છે. એટલે જ લોકો આજે એમને પૂજે છે.

અમે આ ધ્યાનખંડમાંથી બહાર આવીએ છીએ તો એક અમેરિકન યુવાન અમારૂં સ્વાગત કરે છે. તેમને અમોને આશ્રમનાં સ્થાન બતાવવાની ને તે અંગેની વિગતો જણાવવાની કામગીરી સોંપવામાં આવી છે. તે ભાઈ પોતાનો પરિચય આપતાં–પોતાનું નામ બ્રહ્મચારી હેઈન્સ જણાવે છે. તેઓ સરસ સુસ્પષ્ટ અંગ્રેજી બોલે છે. તેમનો સ્મિત લીંપેલો ચહેરો, સ્નેહસભર આંખો ને સુસૌષ્ઠવ ધરાવતો ઊંચો સપ્રમાણ બાંધો–આકર્ષક લાગે છે.

આશ્રમની વિગત આપતાં તેઓ કહે છે કે મૂળ આ મકાનમાં એક હોટેલ હતી. પરમહંસ શ્રી યોગાનંદજીના કોઈ અમેરિકન શિષ્યે તે ખરીદીને આશ્રમ માટે ભેટ આપ્યું.

છે, ત્યારથી અહીં આધ્યાત્મિક પ્રવૃત્તિઓ ચાલે છે.

આશ્રમની સામે રસ્તાની પેલે પાર સરસ મજાની ટેનિસ કોટ છે. ત્યાં સાધકો રમી શકે એવી સુવિધા છે. શરીરની સ્ફુર્તિ અને શકિત જાળવી રાખવા માટે આવી રમતોને અહીં બાધ્ય ગણવામાં નથી આવી. તે જોઈ અમને આનંદ થાય છે. પરમહંસ શ્રી યોગાનંદજી પણ કદીક શિષ્યો સાથે ટેનિસ રમતા, એવું તે ભાઇ જણાવે છે. કેવું સરસ કહેવાય!

(અપૂર્ણ)

## * નૂતનવર્ષાભિનંદન *

અધ્યાત્મનો નવેમ્બર, ૮૮ નો અંક દીપોત્સવીના પર્વ પછી વાંચક ભાઇ-બહેનોના હાથમાં આવશે. તે નિમિત્તે અમે અમારા વિશાળ વાંચક સમુદાયને દીવાળીની શુભેચ્છાઓ અને નૂતનવર્ષના વર્ષાભિનંદન પાઠવીએ છીએ.

અમારી પ્રભુને એટલીજ પ્રાર્થના છે કે અતિશય બહિર્મુખ બનેલ માનવ થોડો અંતરમુંખ થાય, હકકોની માગણીઓ મૂકતા પહેલાં ફરજોનો વિચાર કરે, રાજ્ય પાસે ભીક્ષાનું પાત્ર લઇને પોતાના વિકાસ માટે દીનની જેમ માગવાને બદલે, પોતાની શક્તિથી નવસર્જન કરે અને જેની પાસે વધુ છે તે પોતે ખાતાં પહેલાં બીજાને ખવડાવવાનો વિચાર કરે, ઇશ્વરના અસ્તિત્વને સ્વીકારી નીતિથી જીવન જીવતો થાય. તો ભારતની સમસ્યાઓનું હલ સહજ રીતે થાય.

–તંત્રી પરિવાર



## * સદ્‌ભાવભરી ભેટ *

'અધ્યાત્મ' માસિક માટે સદ્‌ભાવભરી ભેટની સરવાણિ ચાલ્યાંજ કરે છે, એથીજ એ આજની દિન પ્રતિદિન વધતી જતી મોંઘવારીમાં ટકી શકયું છે. એ માટે અમારા વાંચક મિત્રોને પૂ. ગુરુદેવ ને પૂ. માશ્રી સર્વેશ્વરીમાં શ્રદ્ધા ભકિત ધરાવનાર સાધકોનો અમે જેટલો આભાર માનીએ એટલો ઓછો છે, ખાસ કરીને વિદેશની ધરતી ઉપર વસતા સાધક ભાઈ બહેનોનો છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ–

રૂ.
૧૧ માળી મૂળજીભાઈ ઓધવજી કનાડા, ભાવનગર.
૨૧ શ્રીમતી સુશીલાબેન ઠાકોર, સુરત-પૌત્રી યોગેશ્વરીના જન્મદિન નિમિત્તે, તેમજ
૨૧ પૌત્ર પલકના જન્મદિન નિમિત્તે.
૧૧ ધુમલિયા બચુભાઈ મોહનભાઈ, રફાળેશ્વર શિતલના જન્મદિન નિમિત્તે.
૧૧ ગોહિલ દયાબેન કાનજીભાઈ, ભાવનગર.
૫૦ શ્રીમતી કૈલાસબેન વિનોદભાઈ જોષી, વડોદરા.
૩૦ ડૉ. રાજેન્દ્રભાઈ ભટ્ટ, શિઓદ.
૧૧ શ્રી પદ્માબેન ત્રિવેદી, ભાવનગર.
૧૧ શ્રી ઉપેન્દ્ર ઝીંઝુવાડિયા, ભાવનગર.
૨૫૧ શ્રી અમૃતલાલ હીરાલાલ જોષી, વડોદરા.
૧૧ શ્રી વીણાબેન ઠાકોરભાઇ દેસાઈ, તેમજ
૧૧ શ્રી ઠાકોરભાઈ જી. દેસાઇ, સુરત.
૧૧ શ્રી શોભા લોટલીકર, ગોવા.
૧૦૧ સ્વ. શ્રી નવીનચંદ્ર મનોરદાસ પારેખ, ભાવનગરની સ્મૃતિમાં એમના પુત્ર શ્રી પ્રીતમભાઇ તરફથી.

૫૧ શ્રી રામદાન નારણદાન મીસણ (ગઢવી) મોરબી.
૫૧ શ્રી રાજેન્દ્ર વાસુદેવ સુરત, દુકાનને વર્ષ પૂરૂ થતાં.
૫૧ શ્રીમતી જ્યોત્સ્નાબેન ગોરધનભાઇ કલોલા, મોરબી નવો કુવો ગાળ્યો તે નિમિત્તે.
૧૧ શ્રી ચંદ્રકાન્ત ભગાભાઇ ટેલર, રાંદેર.
૧૧ શ્રી તારાબેન દેસાઈ, અમદાવાદ.
૫૧ શ્રીમતી ગુલાબબેન ભૂલાભાઇ નરસી, લોસ એન્જેલેસ.
૨૧ શ્રીમતી ધર્મિષ્ઠાબેન ચંદ્રકાન્ત વ્યાસ, અમદાવાદ યાત્રા સફળ થવા બદલ.
૧૧ શ્રી કૈલાસબેન કંચનભાઇ પટેલ.

### * પૂ. માના જન્મદિનની ઉજવણી ભારતમાં *

પ. પૂ. માશ્રી સર્વેશ્વરી હાલ અમેરિકામાં વિચરી રહ્યાં છે ને તેઓનો જન્મદિન તા. ૧૩ નવેમ્બર તેમની ઉપસ્થિતિમાં લોસ એન્જેલેસમાં ઉજવાઇ રહ્યો છે. તે પ્રસંગે કેનેડામાંથી ૫૦ જેટલાં ભાઇબહેનો અમેરિકા આવનાર છે. અમેરિકાનાં બીજાં શહેરોમાંથી આવશે તે જૂદા. પરંતુ ભારતમાં વસતા પૂ. માના ભક્તોને પૂ. માની જન્મભૂમિ કપૂરા વતી શ્રી ઈશ્વરભાઇ ભકતે આમંત્રણ આપી, ત્યાં તેઓનો જન્મદિન ઉજવાય એ માટે તા. ૪-૧૦-૮૮ ના રોજ અમદાવાદમાં જ નિમંત્રણ આપ્યું છે. આથી સર્વે સાધક ભાઇબહેનોને તા. ૧૨-નવેમ્બર, ૮૮ના રોજ કપૂરા પધારવા વિનંતિ છે.

કાર્યક્રમ એક દિવસનો રહેશે, પૂ. માની વિદેશની વિડિયો બતાવવામાં આવશે.



# કાયાકલ્પ-નૂતન અર્થદર્શન

મહેન્દ્ર ઈ. પંડ્યા

પૌરાણિક તથા ઐતિહાસિક નવલકથાઓની વિશિષ્ટતા એ હોય છે કે એમાનું કથાવસ્તુ પુરાણ કે ઇતિહાસ આધારિત હોય છે. એ કથા-વસ્તુમાં નવલકથાકાર પોતાની કલ્પનાના રંગો પુરે છે અને તેના મુખ્ય પ્રસંગોની આસપાસ વસ્તુ-ગુંથણી કરી પાત્રોનો વિકાસ દર્શાવે છે. આમ મુખ્ય પ્રસંગો કે મુખ્ય પાત્રો પૌરાણિક હોવા છતાં વસ્તુનિરૂપણ, પાત્રા-લેખન રહસ્ય અને અર્થઘટનમાં નવલકથાકારનું પોતાનું દૃષ્ટિબિંદુ મહત્ત્વનો ભાગ ભજવે છે, અને એથી મૂળ પૌરાણિક અથવા ઐતિહાસિક પ્રસંગો અને પાત્રો પર આધારિત નવલ-કથા વર્તમાન સંદર્ભમાં નવું જ અર્થદર્શન કરાવે છે.

આ નવલકથામાં શ્રી યોગેશ્વરજીએ વસ્તુ શ્રીમદ્ ભાગવત અને મહાભારતમાંથી લીધું છે. કચ-દેવયાનીની કથા ભારત-ખ્યાત કથા છે, અને બંગાળીમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને ગુજરાતીમાં શ્રી ઉમાશંકર જોશીએ પદ્ય-રૂપક તરીકે આ વિષય પર સર્જન કરેલું છે. શ્રી યોગેશ્વરજીએ એ બંને કથાઓમાંથી મુખ્ય મુદ્દા અથવા પ્રસંગો અને પાત્રોની પસંદગી કરી વસ્તુગુંથણી અને પાત્રાલેખનમાં પોતાનું વિશિષ્ટ દર્શન રજુ કર્યું છે. આ કથા મુખ્યત્વે બે સ્ત્રીપાત્રો દેવ-યાની અને શર્મિષ્ઠાની આસપાસ ગુંથાયેલી છે, અને લેખકે પોતેજ પ્રસ્તાવનામાં જણાવ્યા પ્રમાણે-"શર્મિષ્ઠાના પાત્રને આ નવલકથામાં મેં મારી આગવી રીતે રજુ કર્યું છે," અને આ એમનું વિશિષ્ટ અર્થઘટન છે. આ નવલકથામાં શર્મિષ્ઠાનું અનોખું વ્યકિતત્વ ઉપસી આવે છે.

કચના પાત્રાલેખનમાં પણ લેખકે નૂતન હેતુનું આરોપણ કર્યું છે. મૂળ કથા પ્રમાણે અસુરોના ગુરુ શુક્રાચાર્ય મૃત-સંજીવની વિદ્યાનું જ્ઞાન ધરાવે છે, અને આથી દેવો અસુરોનો વિનાશ કરી શકતા નથી. ગુરુ શુક્રાચાર્ય સંજીવની વિદ્યાથી મૃત અસુરોને ફરીથી જીવનદાન દે છે. એ વિદ્યાનું જ્ઞાન દેવોના ગુરુ બૃહસ્પતિના પુત્ર કચને જો પ્રાપ્ત થાય તો દેવો યુદ્ધમાં દાનવોની બરાબરી કરી શકે, અને મૃત દેવોને પણ કચ જીવનદાન દેવા શક્તિમાન બને. આ વિદ્યા પ્રાપ્ત કરવાનો કચનો હેતુ મુખ્યત્વે તો દેવોના હિતાર્થે જ હોઈ શકે, પરંતુ અહીં લેખકે કચના પાત્રમાં પણ ઉદાત્ત ભાવનાનું આરોપણ કર્યું છે. કચ નિખાલસ રીતે પોતાના ગુરુ શુક્રાચાર્ય પાસે એમના શિષ્ય બનવાનો હેતુ સ્પષ્ટ કરે છે, પરંતુ એની પાછળની ભાવના પણ માત્ર દેવોના હિતની સંકુચિત ભાવના નથી, પણ દેવો અને દાનવોને સમાન ભૂમિકા પર લાવી એમની વચ્ચે સંપ અને સુમેળ કરાવવાની અને એ દ્વારા યુદ્ધનો અંત અને વિશ્વમાં શાંતિની સ્થાપના કરવાની છે. ગુરુ શુક્રાચાર્ય પણ એની એ ભાવના સાથે સંમત થાય છે, અને એને "વિશાળ દૃષ્ટિવાળા સંસ્કારી શિષ્ય" તરીકે આવકારે છે. આ પાત્ર દ્વારા લેખકે આજના યુગની સમસ્યા યુદ્ધની વિનાશકતા, અને વિશ્વશાંતિની-પ્રજા પ્રજા વચ્ચેના વૈમનસ્યને બદલે, પ્રેમ અને સુમેળની આવશ્યકતાનો સ્વીકાર કર્યો છે, અને એ દ્વારા સંકુચિત સ્વાર્થને બદલે સમગ્ર માનવજાતિના કલ્યાણનું મહત્ત્વ દર્શાવ્યું છે. કચના વ્યક્તિ-ત્વના સર્વાંગી નિરૂપણમાં લેખકે એનામાં જે આભિજાત્ય, નિખાલસતા, સ્ત્રી દાક્ષિણ્ય, ગુરુભક્તિ, નિષ્ઠા અને દેવો અને દાનવો વચ્ચેના સુમેળ દ્વારા શાંતિ અને વિકાસના ધ્યેયમાં અચળ શ્રદ્ધા વગેરે દર્શાવ્યાં છે તેથી કચનું પાત્ર એક



આદર્શ મૂર્તિ બની રહે છે અને ગુરુ શુક્રાચાર્ય, દેવયાની, શર્મિષ્ઠા અને અસુર રાજા વૃષપર્વા સર્વનો સ્નેહ જીતી લે છે. શર્મિષ્ઠા કચની સમક્ષ પોતાનો પ્રેમ વ્યક્ત કરે છે અને એની સાથે લગ્ન કરવાની અભિલાષા દર્શાવે છે, ત્યારે કચ વિનયપૂર્વક એને પોતાની અશક્તિ સમજાવે છે, અને શર્મિષ્ઠા અંતરની વેદના અંતરમાં શમાવી દે છે. કચનો વિદ્યાકાળ સમાપ્ત થતાં એને વિદાય લેવાનો પ્રસંગ આવે છે. એ સમયે દેવયાની પણ કચ પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યક્ત કરી એની સાથે લગ્ન કરવાની અને એ માટે પિતાનો ત્યાગ કરી કચની સાથે જવાની તૈયારી દર્શાવે છે. કચ દેવયાની એની ગુરુપુત્રી હોવાથી એની સાથે લગ્ન ન કરી શકાય એમ સમજાવી એની માગણીનો અસ્વીકાર કરે છે, પણ એ દલીલનો સ્વીકાર ના કરતાં દેવયાની ઉશ્કેરાઈ જઈ કચને શાપ આપે છે–એના પિતાએ આપેલી મૃતસંજીવનીવિદ્યા એને ફળશે નહિ, કચ એ શાપનો વિનયપૂર્વક સ્વીકાર કરી દેવયાનીને સુખી જીવન માટે શુભેચ્છાઓ વ્યકત કરે છે. અહીંથી જ દેવયાની અને શર્મિષ્ઠાના વ્યક્તિત્વના ભેદનું દર્શન થાય છે. કચના વર્તનના પ્રતિભાવમાં બંનેના સ્વભાવની વિરોધી પ્રકૃતિનાં દર્શન થાય છે.

કચની વિદાય સૌને દુઃખી કરે છે, પરંતુ એની વિદાય સાથે કથાનો પ્રવાહ બદલાય છે. અત્યાર સુધી કચ કથાના કેન્દ્રસ્થાને અને દેવયાની–શર્મિષ્ઠા વૃક્ષને વીંટળાયેલી વેલીઓ જેવી હતી. હવે કથામાં દેવયાની અને શર્મિષ્ઠાનાં પાત્રો રંગ-મંચના કેન્દ્રસ્થાને આવે છે. બંનેનું સ્વરૂપ પરિસ્થિતિ પ્રમાણે પલટાય છે અને સરોવરમાં સ્નાન કર્યા પછી વસ્ત્રો બદલાઈ જવાના નાનકડા પ્રસંગમાંથી ગંભીર કલહ કરી બેસે છે. બંને વચ્ચે કટુતાભર્યો વાદવિવાદ થાય છે અને કલહને

અંતે શર્મિષ્ઠા દેવયાનીને અપમાનજનક શબ્દો સંભળાવી પોતાની સખિઓ પાસે એક અવાવરૂ કુવામાં નંખાવી દે છે. શર્મિષ્ઠા પણ પોતાની સ્વભાવજન્ય સુજનતાનો ત્યાગ કરી ક્ષણિક આવેશમાં તણાઇ જઈ અવિચારી કૃત્ય કરી બેસે છે, અને દેવયાનીની ઉગ્રતા પણ કઠોરતામાં પરિણમે છે.

માનસશાસ્ત્રની દૃષ્ટિએ તપાસીએ તો કચની વિદાય અને લગ્નની વિનંતીનો કચદ્વારા અસ્વીકાર–એનો બંને સખિઓને આઘાત લાગે છે, અને બંનેની સ્નેહાળ પ્રકૃતિમાં કટુતા પ્રવેશે છે. આ માનસ પરિવર્તન અને હતાશાજન્મ કટુતાભરી પરિસ્થિતિમાં પરસ્પર ગાઢ સ્નેહ રાખતી બંને સખિઓ વચ્ચે નજીવી બાબતમાંથી કલહ અને સંઘર્ષ જન્મે છે. અને નમ્ર અને સૌજન્યશીલ શર્મિષ્ઠા પણ ક્રોધના આવેશમાં પોતાની પ્રિય સખિ દેવયાનીને અન્યાય કરી બેસે છે. સામે પક્ષે દેવયાની પણ વેરભાવથી શર્મિષ્ઠાને જીવનભર પોતાની દાસી બનાવવાની માગણી કરે છે. માગણીના અસ્વીકારમાં એ પોતાના પિતા ગુરુ શુક્રાચાર્ય સાથે દાનવોનો ત્યાગ કરવાનો સંકલ્પ જાહેર કરે છે. શર્મિષ્ઠા પણ પોતાના અનુચિત વર્તન માટે પશ્ચાત્તાપ અને ક્ષમાયાચના કરે છે, પણ વૈરભાવના પ્રેરિત દેવયાની પોતાની માગણીમાં દૃઢ રહેતા પ્રજાના-દાનવોના-હિતમાં શર્મિષ્ઠા પોતાને થતી કઠોર જીવનપર્યંતની શિક્ષાનો સ્વીકાર કરી ગુરુને દાનવોનો ત્યાગ કરતાં અટકાવે છે. પ્રજાના વિશાળ હિતમાં એ પોતાના જીવનની સ્વતંત્રતાનું બલિદાન આપે છે, એ એની વિશાળ દૃષ્ટિ અને ઉદાત્તતાનું લક્ષણ છે. દેવયાનીનું પાત્ર પ્રભાવશાળી હોવા છતાં શર્મિષ્ઠાના સૌજન્યની સૌરભ સમગ્ર કથામાં પ્રસરી રહે છે, અને એજ આ કથાની વિશિષ્ટતા છે. લેખકની પાત્રાલેખનની સફળતા છે. દેવયાનીનાં રાજા યયાતિ સાથે લગ્ન



થતાં પોતે આપેલા વચન પ્રમાણે શર્મિષ્ઠા દેવયાનીની દાસી બનીને સાથે જાય છે. શર્મિષ્ઠાના એક રાજકન્યા તરીકેના કોડ ધૂળમાં મળી જાય છે, એના જીવનનું સ્વતંત્ર અસ્તિત્વ ભૂંસાઇ જાય છે, છતાં પણ એ એની સુજનતાનો ત્યાગ કરતી નથી, શર્મિષ્ઠાના દેવયાની સાથે ગયા પછી રાજા યયાતિ એના સ્વભાવ અને સૌંદર્યથી આકર્ષાઇ દેવયાનીથી અજ્ઞાત રીતે એની સાથે ગાંધર્વવિવાહ કરે છે, અને એ સંબંધથી શર્મિષ્ઠા બે પુત્રોને જન્મ આપે છે. દેવયાની એકવાર શર્મિષ્ઠાના આવાસની ઓચિંતી મુલાકાત લેતાં એને આ પરિસ્થિતિની જાણ થાય છે, એ રોષે ભરાય છે, અને શર્મિષ્ઠા અને રાજા યયાતિને કટુ વચનો સંભળાવી પોતાના પિતા ગુરુ શુક્રાચાર્ય પાસે ચાલી જાય છે. દેવયાનીના ચાલી જવાથી રાજા યયાતિ દુઃખી થાય છે, અને શુક્રાચાર્ય પાસે જતાં શુક્રાચાર્ય પણ રાજા યયાતિને શિક્ષારૂપે શાપ આપે છે જેના પરિણામે યુવાન રાજાને અકાળે વૃદ્ધત્વની પ્રાપ્તિ થાય છે. રાજાએ પશ્ચાત્તાપ કરતાં અને ખૂબ વિનંતી પૂર્વક ક્ષમાયાચના કરતાં એ શાપના નિવારણ માટે શુક્રાચાર્ય યયાતિના કોઈ પુત્રના વૃદ્ધત્વના સ્વીકારને પરિણામે બદલામાં એને પુનઃ યૌવન પ્રાપ્ત થશે એમ આશ્વાસન આપે છે. શર્મિષ્ઠા આ વૃદ્ધ બનેલા રાજા યયાતિ પ્રત્યે એટલો જ સ્નેહ દર્શાવે છે. દેવયાનીને પણ શર્મિષ્ઠાના સૌજન્યનો મોડે મોડે પણ ખ્યાલ આવતાં એ પણ પોતાના વર્તન માટે પશ્ચાત્તાપ કરે છે. સંસ્કારી માતા–શર્મિષ્ઠાના સંસ્કાર તેના પુત્રમાં પણ સંક્રાંત થયા હોવાથી એ પિતાના વૃદ્ધત્વનો સ્વીકાર કરી પિતાને પુનઃ યૌવનની પ્રાપ્તિ કરાવી શાપના નિવારણ માટે પોતાના યૌવનનો ભોગ આપે છે. ત્યારબાદ દેવયાનીને ઘાતક વ્યાધિ થતાં અને એને બચાવાનો સંભવ ના રહેતાં જ્યારે ગુરુ શુક્રાચાર્ય જણાવે છે કે

કોઈ એ ઘાતક વ્યાધિ પોતાની જાત પર લઈ લે તો જ દેવયાની વ્યાધિમૂક્ત થઈ એને સ્વાસ્થ્યની પુનઃપ્રાપ્તિ થાય. આ સમયે પણ ત્યાગમૂર્તિ શર્મિષ્ઠા એ વ્યાધિનો સ્વીકાર કરી દેવયાનીને રોગમૂક્ત કરવા તૈયારી બતાવે છે. આ સર્વ હકીકતની જાણ થતાં દેવયાનીનો કાયાકલ્પ–માનસ પરિવર્તન–થાય છે અને શર્મિષ્ઠાના એના પ્રત્યેના નિર્મળ સ્નેહનું એને ભાન થતાં બંને સખિઓનો સંબંધ પૂર્વવત સ્નેહસભર થાય છે.

આમ આ કથામાં પુર્વાર્ધમાં કચના પાત્ર સિવાય સમગ્ર કથામાં મુખ્ય પાત્રો શર્મિષ્ઠા અને દેવયાની જ છે. દેવયાનીના સ્વભાવની કઠોરતા અને ઉગ્રતાથી શર્મિષ્ઠાને જીવનમાં જે વ્યથા અને હરકતો વેઠવી પડે છે એ સર્વનો પ્રતિકાર એ પ્રેમથી કરે છે એ જ શર્મિષ્ઠાના પાત્રની વિશિષ્ટતા છે, એના વ્યક્તિત્વનો આવિષ્કાર છે. બંનેના વર્તનમાં વ્યવહારમાં દેખાતો વિરોધ અને અંતે દેવયાનીને સત્ય પરિસ્થિતિનું ભાન થતાં એના અંતરમાં જાગતો પશ્ચાત્તાપ આ કથાના શિર્ષક ‘કાયાકલ્પ’ને સાર્થક કરે છે. દેવયાનીના પાત્રમાં રહેલી કઠોરતા, સ્વભાવની ઉગ્રતા, અને બદલાની, વેરની–ભાવના એનામાં સ્ત્રીસ્વભાવની સુકુમારતાનો અભાવ દર્શાવે છે. આ પાત્રનું લેખકનું નિરૂપણ સુરેખ છે. એના પુરૂષ સમાન ગુણોથી શ્રી કનૈયાલાલ મુનશીએ ‘પુત્ર સમોવડી’ નાટક દેવયાનીના પાત્રને કેન્દ્રમાં રાખીને લખ્યું છે. શર્મિષ્ઠા એના પ્રણયભંગ અને નિરાશાના પરિણામે જન્મતા ક્ષણિક આવેશ અને ક્રોધભર્યા વર્તન સિવાય સમગ્ર કથા દરમિઆન સ્ત્રીસહજ સુકુમારતા, અને સહનશીલતાથી જન્મજાત સૌજન્યમૂર્તિ બની રહે છે, અને દેવયાની પર સતત સ્નેહ વર્ષાવે છે.

આ કથામાનું શર્મિષ્ઠાનું પાત્ર રામાયણમાંની ઉપેક્ષિતા લક્ષ્મણની પત્ની ત્યાગમૂર્તિ ઊર્મિલાની યાદ અપાવે છે જે



પાત્રને બંગાળી સાહિત્યમાં કવિવર ટાગોરે અને ગુજરાતીમાં સ્વ. શ્રી બોટાદકરે કવિ ન્યાય આપ્યો છે.

શ્રી યોગેશ્વરજીનું ગદ્ય સરળ છતાં ગૌરવાન્વિત છે. કથામાં વર્ણન કરતાં સંવાદો વધારે છે એટલે ભાષાનું ગૌરવ પાત્રોચિત છે, અને સંવાદો ભાવની સચોટતા, પારદર્શકતા, અને નાટયાત્મકતાપૂર્ણ છે. એના દૃષ્ટાંત તરીકે શુક્રાચાર્ય શર્મિષ્ઠાને પ્રશંસાયુક્ત આશીર્વાદ આપે છે તે જોઇએ—

“શર્મિષ્ઠા, તારૂં નામ યુગો સુધી જનપતને પ્રેરણાપાતું, ઉર્ધ્વગામી કરતું અને પવિત્ર પ્રેમનું જયગાન ગાતું અમર રહેશે. તારા મંગલમય મહિમાને દેશ કે કાળ નહિં મિટાવી શકે. મારો તને આશિર્વાદ છે. તારી ભાવનાને માટે તને ધન્યવાદ ઘટે છે. તારૂં હૃદય આટલું બધું અનેરૂં અથવા ઉંચું હશે તેની મને કલ્પના પણ ન હતી, અને મને ખાતરી છે કે દેવયાનીને પણ કલ્પના નહિં હોય. અમારા વ્યવહારથી તને કોઈ પ્રકારનું કષ્ટ પડયું હોય તો ક્ષમા કરજે. દેવયાની પ્રત્યે કોઈ જાતનો ડંખ રાખવાને બદલે તેં આટલી સરસ ભાવના પ્રદર્શિત કરી છે તે તારી મહાનતા બતાવે છે તને જાણતો’ તો કેટલાય વખતથી, પણ ઓળખી શકયો તો આજેજ.”

કથાનો કાળ પુરાણ કાળ હોવા છતાં એમાં પણ વિશ્વશાંતિ દ્વારા પ્રગતિની કચની ભાવના, એનો ગુરુ શુક્રાચાર્ય દ્વારા સુંદર પ્રતિભાવ તથા પ્રજાહિતની શર્મિષ્ઠાની ઉદાત્ત ભાવના અને એ માટેનો મહાન ત્યાગ–આ સર્વ અર્વાચીન યુગનાં પણ મહત્ત્વનાં મૂલ્યો છે. આજના જગતની આવશ્યકતા છે. સાંપ્રતસમયની આ સમસ્યા યુગજૂની છે, અને માનવજાતિની વિશ્વશાંતિની ઝંખના ભૂતકાળમાં તેમજ આધુનિક જગતમાં પણ એજ સમાન ભૂમિકા પર રહેલી છે–એ આ કથાની પણ સાર્થકતા છે.

# શુભેચ્છા—પૂ. માને જન્મદિન નિમિત્તે

પૂ. માશ્રી સર્વેશ્વરીનો જન્મદિન તા. ૧૩ નવેમ્બરના રોજ છે. તેના ઉપલક્ષ્યમાં અધ્યાત્મના સર્વે સંપાદકો, વાંચકો તેમજ પૂ. શ્રી અને તેઓના બહોળા સાધક અનુયાયી ભાઇબહેનોના સમુદાય તરફથી પૂ. માને હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

અમે સહુ જાણીએ છીએ કે પ. પૂ. શ્રી યોગેશ્વરજીની ભૌતિક વિદાય પછી, તેઓના ચાહક અને પ્રસંશક વર્ગને એકસૂત્રે બાંધી, તેમને આધ્યાત્મિક દોરવણી પૂરી પાડવાનું જે કામ આપે કર્યું છે, તે બદલ અમે સહુ આપના ખૂબ ઋણી છીએ.

હે મા, અમે આપને યથાર્થ રીતે ન સમજી શકતા હોઇએ તો આપ અમને ક્ષમા કરજો, કારણ કે અમારી પાસે અમારા પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી જેવી આર્ષ કે દિવ્યદૃષ્ટિ નથી. છતાં અમારા ગુરુદેવે આપનો જે પરિચય અમને કરાવ્યો છે, તેને અમે આજે આપના જીવન ને તપ દ્વારા સત્ય થતો નિહાળી રહ્યા છીએ. એથી લાગે છે કે આપ પ્રભુની દિવ્ય તપોમય શકિતનું સાકાર પૃથ્વી પરનું અવતરણ છો. તે સિવાય મનુષ્ય દેહધારી માટે આવું ઉગ્ર, દીર્ઘ કાળથી ચાલતું ને કષ્ટપ્રદ લાગતું તપ સંભવિત નથી. એથી મનુષ્યભાવે અમે તો હે મા, એટલું ઇચ્છીએ કે આપનું સાધનાત્મક લક્ષ સવેળા પરિપૂર્ણ થાઓ ને આપના દ્વારા પ્રભુ અનેકોને જીવનશુદ્ધિ અને પ્રભુ પરાયણતાના પાઠો વ્યાપક પ્રમાણમાં ભણાવો. એ સુઅવસર આગામી વર્ષમાંજ આપને પ્રાપ્ત થાઓ; એજ મંગલકામના.

—તંત્રી



# પૂ. માનાં વિધવિધ સ્વરૂપ

આશા ભક્ત

આ મારા પ્રશ્નના જવાબમાં લગભગ બધાં જ કહેશે કે હા જ વળી અમે શ્રી મા સર્વેશ્વરીને ઓળખીએ છીએ, પણ આજે તમને સૌને હું મારી આંખે શ્રી માનું દર્શન વિદેશની ધરતી ઉપરથી કરાવવા માંગુ છું એ વ્હાલનાં અમૃતસાગરના કિનારે છબછબિયાં કરવા શક્તિ પ્રભુ મને આપે એજ મારી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના છે.

બરાબર દશ વર્ષ પછી હું ફરીથી શ્રી મા પાસે પહેલીવાર ૨૧ સપ્ટેમ્બરે ન્યૂજર્સી શ્રી વિનોદભાઇ-સરોજબહેનને ત્યાં આવું છું. શ્રી માનું સાંન્નિધ્ય હોય ત્યારે કેવું અનુભવાય તે તો વર્ષો પહેલાંથી જાણુ છું અને ગાઉં છું કે—

"જ્યાં જ્યાં પડે મા—પ્રભુનાં પગલાં
સ્વર્ગ એક રચાય છે;
સાંન્નિધ્યે સ્વર્ગીય સ્નેહની
સરગમ સદા રેલાય છે."

એમનું સાંન્નિધ્ય, એમનો પ્રેમ, એમનું જીવન બધું જ સામાન્ય માનવથી પર છે. આપણી અલ્પ બુદ્ધિ આગળ એમનું વિરાટ સ્વરૂપ આપણે પૂરું જાણી શકતા નથી, પણ જો એમની કૃપા હોય તો આપણે એમને થોડા ઘણાં પણ સમજી શકીએ છીએ. એમનાં સાંન્નિધ્યે રહેતાં મને સતત લાગ્યું છે કે પ્રેમની અખંડ ધારામાં હું સતત ભીંજાઇ રહી છું. મારી બધી જ અશુદ્ધિઓને તો એમનાં પ્રથમદર્શને—એમણે જ કૃપા કરી

કાઢી હતી. ત્યારથી હું આ મારી આંખે એમનાં અનેકવિધ રૂપ જોયાં કરું છું. એમને હું વર્ષો પહેલાં સંસારી સંબોધનથી, સગપણથી બોલાવતી ત્યારે પૂ. શ્રી યોગેશ્વરજીએ જ કૃપા કરી મારા મનની ભ્રમણા ભાંગીને કહ્યું-સમજાવ્યું કે-“ આ તો મા છે. ” એઓ મા સર્વેશ્વરી તરીકે જાહેર થયાં તે પહેલાંથી હું એમને શ્રી મા તરીકે જ પૂજ્યભાવે જોઉં છું અને મારો આ ભાવ એમનાં શ્રીચરણોમાં આજે પણ અખંડિત રહ્યો છે, એ મારા ઉપરની એમની પરમકૃપા જ ગણાય. આજે તો પૂજ્ય શ્રી માને ‘ મા ’ કહી બોલાવનાર વિશાળ ભક્ત સમુદાય છે. દશ વર્ષ પછી એમને હું વિદેશની ધરતી ઉપર મળી ત્યારેય હું એમનામાં મારા દશ વર્ષ પહેલાનાં મારી એકલીનાં જ શ્રી માનાં દર્શન કરી શકી. એ જ પ્રેમાળ પવિત્ર મૂર્તિ, સ્નેહનીતરતી કરુણાર્દ્ર આંખો, પ્રેમભર્યું ઋજુ હૈયું-બધું જ એવું છે. દશ વર્ષ પહેલાંની સાધક અવસ્થાને પણ નજીકથી જોવાનું અને એમને ત્યારે પણ થતી રહેતી દિવ્ય અનુભૂતિઓને સાંભળવાનું મને સદ્‌ભાગ્ય મળેલું, તેનું મને આજે પણ ગૌરવ છે. આજે તો એઓ સાધનાના સર્વોત્તમ શિખર ઉપર બિરાજમાન છે, એવાં મારાં શ્રીમાને અંતઃકરણપૂર્વક પ્રણામ. પૂ. યોગેશ્વરજીની પરમકૃપાથી પૂ. માના આ સાધનાના શ્રેષ્ઠ શિખર ઉપર બિરાજેલા સિદ્ધેશ્વરી સ્વરૂપને સૌ પ્રથમ મારા પ્રણામ. હે સર્વેશ્વરી, હે સિદ્ધેશ્વરી તારા ચરણોમાં સદાય પ્રણામ હજો.

વિદેશની યાત્રા દરમ્યાન પૂ. શ્રી માના ઘણી બધી જગ્યાએ જાહેર વાર્તાલાપો ગોઠવાયા. મારા માટે તો આ બધુ તદ્દન નવું હતું. હું રોજ જ જોતી કે શ્રીમા વિવિધ વિષયો ઉપર ખૂબ જ સરળ અને ભાવાત્મક શૈલીમાં બોલી શકતાં. એમના વાર્તાલાપમાં શરૂઆતમાં, વચ્ચે કે અંતે



એમનાં જે ભજનો સાંભળવા મળતાં તે એ વાર્તાલાપ ઉપર ચાર ચાંદ જડી દેતાં. દરેક વાર્તાલાપમાં મા મોટાભાગે ૫૦ થી ૬૦ મિનિટ સુધી સતત એકધારું, કોઈપણ જાતની ક્ષતિ વગર બોલી શકતાં. કૅનેડામાં જ્યારે પણ શ્રી યોગેશ્વરજી જતા, ત્યારે દરેક ભકતોને ત્યાં સત્સંગ માટે પધારતા. એજ પ્રણાલિ શ્રી સુરેશભાઇ શાહની વિનતિથી શ્રી માએ પણ ચાલુ રાખી. કૅનેડામાં એક દિવસ ફળ ને એક દિવસ નિર્જળા એવી રીતે એમનો ઉપવાસોનો ક્રમ ચાલતો. તબિયત પણ કાંઇ એવી સારી ન હતી. દરેક સ્થળે દાદરનાં પગથિયાં ચડવાં ઉતરવાં પડતાં. વળી સુરેશભાઇ શાહના ઘરનો દાદર સત્સંગ માટે જવાનું બને ત્યારે તો ઉતરવો પડે જ. નાજુક તબિયત, અને કઠિન ઉપવાસોની સાથે આટલો બધો શ્રમ તો મા જ વેઠી શકે. એ બીજા કોઇનું કામ કે ગજુ નહીં. અહીં જ શ્રી માની ભક્તવત્સલતા દેખાઈ આવે છે. કયારેક તો બે ત્રણ પ્રોગ્રામો સાથે સાથે થતા અને એ આનંદમયી મા ભકતોના પ્રેમને વશ થઈ એ બધું જ મૂંગે મોઢે સહી લે. અતિશય શ્રમ હોવા છતાં પ્રભુને કયારેય શરીર માટે એમણે પ્રાર્થના કરી હોય એવું મારી જાણમાં નથી.

એક દિવસ બે સત્સંગ સાથે હતા. બીજો સત્સંગ પૂરો થતાં રાત્રે સાડા દસ થઈ ગયા હતા. પૂ. માને નિર્જળા હતો અને તે ભાઇ આગ્રહ કરવા લાગ્યા જેથી મા તેમનું દેવસ્થાન જોવા છેક ઉપર દાદર ચડીને જવા માંડ્યાં. મારાથી ‘ મા ’ એમ બોલી આંખોથી જ કહેવાઈ ગયું કે “ તમે ખરુ કરો છો ? ” તો સામેથી “ માએ શું કહ્યું ખબર છે ? ” સુંદર હસી દીધું, દાદરની ચડવાની ઝડપ વધારી મને કહે “અરે ! આશા, તું પણ ઉપર આવી એમના મંદિરમાં દર્શન કરી

તો જો ! !" બોલો, હવે આવાં પૂ. માને હાથ જોડવા સિવાય બાકી શું રહે ! શરીરના કષ્ટને ગણકાર્યા વગર શ્રીમા સત્સંગ માટે જાય. તેમને એવી ઇચ્છા હોય કે મા દેવસ્થાનમાં પણ એમનાં પાવન પગલાં પાડે, તો એ કરુણાની દેવી ભક્તવત્સલ, પ્રેમવત્સલ મમતામયી મા પ્રેમથી ના કેમ કહી શકે ! એમની ઇચ્છા પૂર્ણ કરે, અને હું કંઇક કહેવા જાઉં તો દર વખતે અવનવા જવાબો આપી મને શાંત કરી દે અને કહે કે "આ શરીરથી જેમને જેટલો લાભ મળે એટલો લઈ લેવા દે, આખરે આ શરીરને બીજું કામ પણ શું છે ?" અને આ દિવસોમાં મેં જોયું છે, સાંભળ્યું છે કે પૂ. મા ભકતોનાં મનની ગુપ્ત ઇચ્છાને સહજરીતે પૂર્ણ કરે છે.

કેનેડામાં શ્રી માનો એ છેલ્લો સત્સંગ હતો કારણ શ્રી મા બીજે દિવસે વિદાય થવાનાં હતાં સત્સંગ પૂરો થયો ત્યારે એક બહેન ગીતાબહેન શાહ શ્રી માને પગે લાગી પ્રાર્થના કરે છે કે મા આપ તો કાલે વિદાય થવાનાં, ફરી કયારે સત્સંગ માટે પધારશો ? શ્રી મા એક દાખલો આપી બધાંને હસાવે છે પણ એ બહેનની આંખમાં આંસુ છે અને પૂ મા વળી કોઇનાં આંસુ જોઇ શકે છે ખરાં ? રાત્રે સવા દસ વાગ્યા હતા અને જાહેર કર્યું, "ચાલો સૌ, ગીતાબહેનને ત્યાં." અને ત્યાં અમે પહોંચી ગયાં. ગીતાબહેનનો અદ્‌ભુત ભાવ જોયો આંખોમાં સતત આંસુ. એક હાથ હૃદય ઉપર અને વારંવાર બોલે "મા મારે ત્યાં પધારે છે, હે પ્રભુ ! તુ મારા હૃદયને સંભાળજે, નહીંતર મારો જાન આનંદથી જ કયાંય ચાલી ન જાય !" બરાબર અગિયાર વાગ્યે પૂ. મા પધારે છે ત્યારે તેઓ જે ભજનો ગાય છે તેનો સૂર ખરેખર જ અદ્‌ભુત-વર્ણવી ન શકાય એવો મધુરો હતો. ખરે જ શ્રી માની તો વાત જ ન્યારી છે. એ સત્સંગ છેક



સવા બારે પૂરો થયો. શ્રીમા કેટલાં દયાળુ છે, કેટલાં કૃપાળુ છે કે ભક્તોની આંખમાં ફક્ત બે આંસુ જોઇ મીણની માફક પીગળી જાય છે. ધન્ય છે એ ફૂલથીય કોમળ હૃદય ધરવાનાર ભક્તવત્સલ શ્રી માને, મારાં રોમરોમ એમને સદાયે વંદન કરજો.

વાંચ્યું છે કે ઉચ્ચકોટિના સાચા સંતોના પગલે પ્રકૃતિ પણ અનાયાસ એમને અનુકૂળ થતી રહે છે. શ્રી યોગેશ્વરજીના જીવનમાં તો આવા અનેક દૃષ્ટાંતો છે પણ એ વાત મેં માના જીવનમાં પ્રત્યક્ષ જોઇ. રવિવારે અમારો નાયગ્રાફોલનો કાર્યક્રમ હતો, તે બદલાઇને શનિવારે ગોઠવાયો. સપ્ટેમ્બરના અંતમાં સખત ઠંડી, સ્નો અને હેવીરેઇન-ભારે વરસાદની આગાહી હતી. શનિવારે પણ ખરાબ વાતાવરણની આગાહી હતી. છતાંય જ્યારે અમે રાત્રિના ૮ વાગ્યે સુરેશભાઇને ત્યાંથી યાત્રાનો આરંભ કર્યો ત્યારે થોડો વાતાવરણનો ડર હતો, પણ ત્યાં પહોંચી જોયું તો વાતાવરણ એકદમ સરસ હતું ! ઠંડીનું નામનિશાન ન હતું. અમે વગર સ્વેટરે ફર્યાં. પૂ. માના અચાનક ગોઠવાયેલા પ્રશ્નોત્તરીના કાર્યક્રમમાં નીચે જમીન ઉપર લગભગ ૧ કલાક બેઠાં હોઇશું અને પછી એક કલાક વળી ગરબા ગાયા. અને આનંદ સભર યાત્રા રાત્રે બે વાગે પુરી થઈ, અને સૌ પોતપોતાને ઘરે સુખરૂપ પહોંચી ગયા. પછી મળસ્કે ચાર વાગ્યાથી બરફ અને વરસાદ પડવો શરૂ થયો, તે રવિવારે રાત સુધી ચાલુ જ રહ્યો. ન્યૂયોર્ક પણ વેદમંદિરમાં પ્રવચન માટે નીકળતા પહેલાં ખૂબ જ ઠંડી અને થોડો થોડો વરસાદ હતો, પણ પૂ. મા ૪ વાગ્યે જેવાં નીચે આવ્યાં, તેની સાથે જ સૂર્યનારાયણનાં દર્શન થયાં. અને સરસ તડકો રહ્યો. ઠંડી હતી, પણ નહીંવત્

કદાચ પૂ. માના પ્રામાણિકતાથી કરાતા તપના મહિમાને

જાણે પ્રકૃતિ પણ પૂર્ણપણે અનુકૂળ બની વધાવતી હોય એવું લાગે છે. હે મા! તારા દિવ્ય અલૌકિક તેજોમય સ્વરૂપને હું નમસ્કાર કરું છું.

પૂ. માના જે વાર્તાલાપો ગોઠવાયા તેમાં સાચે જ ઘણીવાર મેં પોતે અનુભવ્યું છે કે શ્રી યોગેશ્વરજી જ જાણે શરૂઆત ના કરતા હોય! અને દરેક વિષય ઉપર કોઈ ભાષાવિદ્ નિષ્ણાત વિદ્વાન્‌ની માફક અસ્ખલિત રીતે એઓ બોલી શકતાં. કોઈકવાર અણધાર્યા એઓ જાતે જ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ જાહેર કરતાં અને ત્યારે ધર્મ અધ્યાત્મની વાતો સાથે જ કસોટીરૂપ ઘણા ઘણા પ્રશ્નો આવતા. ક્યારેક પ્રશ્ન સાંભળીને મને લાગતું કે હવે! હવે માનો જવાબ શું હશે? મારો જીવ અદ્ધર થઈ જતો પણ પૂ. મા ખૂબ સ્વસ્થતાપૂર્વક, સામર્થ્યતાથી એનો સંતોષપ્રદ પૂરેપૂરો ઉત્તર આપતાં. એમાંના કેટલાંક પ્રશ્નો જે મને યાદ છે તે નીચે મુજબ હતાઃ–

(૧) મુક્તિ અને મોક્ષ એ બંનેમાં ફેર શું છે?

(૨) શ્રદ્ધા એટલે શું? એ કેવી રીતે દૃઢ થાય?

(૩) બધા જ સંતો કે અવતારો મોટાભાગે ભારતમાંજ કેમ? વિદેશમાં ખૂબ ઓછા કે નહીંવત્ શું કામ?

(૪) સંત–ઋષિ–મુનિ આ ત્રણે શબ્દોમાં શું ભેદ છે. ?

(૫) અત્યાર પહેલાં અમે વ્યસનથી મુક્ત થવા આપમેળે હજારોવાર પ્રયત્ન કરેલા, પણ હે મા! અમને નિષ્ફળતા મળેલી. જ્યારે તમારા એક જ સૂચને–વચને જ અમારાં વ્યસનો કેમ અચાનક છૂટી ગયાં?

(૬) સંતોને જો આપણે પ્રભુસમાન માનતા હોઈએ તો એમને સલાહ આપી શકાય ખરી?

(૭) પ્રેમ અને ભક્તિ એટલે શું? એ બંનેમાં પહેલું શું આવે?



(૮) આવતા જન્મે સાધુ બનવું હોય તો શું કરવું જોઈએ?

(૯) પ્રભુનાં જુદાં જુદાં અનેક સ્વરૂપ છે તો કોને ભજવું અને કોને નહીં તે સમજાતું નથી.

(૧૦) પૂજાપાઠ જરૂરી છે?

(૧૧) મોક્ષ મળી જાય પછી પૃથ્વી પર શું જરૂર હોય આવવાની? જો આવે તો તપ કરવાની જરૂર ખરી?

(૧૨) પૂ. શ્રી યોગેશ્વરજીને એમનાં પૂર્વજન્મનો અનુભવ થયેલો આપને એવો અનુભવ થયો છે ખરો?

આવા તો ઘણા ઘણા પ્રશ્નો હતા. અને જવાબો પણ ખૂબ અદ્‌ભુત સંતોષકારક હતા. મનમાં ઉતરી જાય એવા સહજ–સરળ હતા. બધોય વખત શ્રી મહાત્માજી પોતે જ સ્વાભાવિક રીતે માની અંદર બોલી રહ્યા હોય એવું હું અનુભવ્યાં કરતી. પૂ. માના એ જ્ઞાનસ્વરૂપને મારા અનેકાનેક પ્રણામ હો.

ભારતમાં તો શ્રી મા યાત્રા કરાવે જ છે. પણ જ્યારે એઓ અહીં વસે છે ત્યારે અહીંના ભક્તોને પણ આનંદ-યાત્રાનો અમૂલખ લ્હાવો મા કરાવે છે. અહીં નાની ત્રણ યાત્રાઓ શ્રી માના સાંન્નિધ્યે થઈ. વૃંદાવનની યાત્રા ૫ દિવસની થઈ અને બીજી બે કેનેડા નાયગ્રાફોલ્સની એક એક દિવસની. એમાં હું તો છેલ્લી નાયગ્રાફોલ્સની યાત્રામાં જ સાથે હતી. અરે! જે અદ્‌ભુત દૃશ્ય હતું–આખી બસમાં બેઠેલા ભક્તોનાં મ્હોં પર પ્રસન્નતા, ઉલ્લાસ અને શ્રીમા અત્યંત પ્રેમાળ ભક્તોની વચ્ચે સ્નેહથી બિરાજેલી કોઈ દેવીનો દરબાર હોય એવું આખુંય વાતવરણ હતું. સુરેશભાઈનાં ઘરેથી જ અખંડ નામ–સ્મરણ ભજન–ધૂનની મઝા અને વચ્ચે વચ્ચે બે વાર શ્રી મા જાતે જ ઉઠીને સૌની સીટ

પાસે જઈને પ્રસાદ વ્હેંચી દે છે, જાણે અમને બતાવે કે ભગવાન ખરે જ ભક્તને આધીન હોય છે. નામ સંકીર્તનનો મહિમા સંતની હાજરી વચ્ચે કેવો અનોખો અને અમૂલ્ય હોય છે તે જીવનમાં પહેલીવાર સમજાયું. નાયગ્રાફોલ્સ ઉપર સૌ ફર્યાં પછી શ્રી મા એક જગ્યાએ બેઠાં, અમે સૌ પણ બેસીએ છીએ એટલે તરત જ એઓએ કહ્યું...પ્રશ્નો પૂછી શકાય, અને પ્રશ્નોત્તરી શરૂ. ત્યારબાદ અમે સૌ ગોળ-કુંડાળામાં ગરબા ગાઈએ છીએ અને શ્રી મા વચ્ચે ઊભાં છે, પછી ગરબાની મઝા કાંઈ ઓર જ હોય છે. પ્રેમ અને આનંદની ચરમસીમા જ જોઈ લો ને! અમે વારંવાર ગાયું નાચીકૂદીને ગાયું કે...કપૂરાવાળી મા અમને યાત્રા કરાવે... યાત્રા કરાવે અમને સંસાર ભૂલાવે...ખરે જ જેમનાં સાંન્નિધ્યે અમને પ્રેમ...પ્રેમ...બસ પ્રેમનાં જ દર્શન થયાં એવી પ્રેમેશ્વરી માને હું કેટકેટલા પ્રણામ કરું!

અમારો કેનેડાનો પ્રવાસ પૂર્ણ થયો. ફરીથી અમે ન્યુજર્સી વિનોદભાઈને ત્યાં આવી જઈએ છીએ. અહીં પણ પૂ. માના ત્રણ વાર્તાલાપો જાહેરમાં ગોઠવાયા. એક હિન્દુ વેદ મંદિરમાં, બીજો ચર્ચમાં ગુજરાતી સ્કૂલ તરફથી અને ત્રીજો શ્રી સુતરીયાભાઈને ત્યાં. ત્રણેય કાર્યક્રમો સરસ અને સફળ રહ્યા.

આવતીકાલથી નવરાત્રિ છે. પૂ. માને પુષ્કળ તાવ છે, ખૂબ શરદી છે, પથારીમાં અમારો ટેકો લઈને જ પડખું ફરી શકે છે. બપોરે એક વાગ્યાથી રાત્રે સાડા દસ સુધી આવી એકસરખી પરિસ્થિતિ છે, અમારા સૌની આંખોમાં આંસુ આવે છે, પરંતુ પૂ. મા તો સ્વસ્થ છે. અમે સૌ અકળાઈએ છીએ, પણ રાત્રે એમનો સમય થતાં જ પૂ. મા બેઠાં થાય છે. રૂમમાંનો બધો સામાન—જાણે એમનાથી સહેવાતો



ન હોય તેમ અમને કહે છે, "આ લઈ લો...આ પણ લઇ જાઓ....આ નહિં જોઇએ." એમના રૂમમાં હીંચકા ઉપર પૂ. શ્રી યોગેશ્વર પ્રભુનું સ્વરૂપ છે, તે હીંચકો દૂર હતો તે પાસે લેવડાવ્યો. રૂમમાં ફક્ત લેટરપેડ–કોરી ડાયરી એમનાં નિત્યપાઠનાં પુસ્તકો બસ, એટલું જ. બાપ રે! હું તો વારે વારે પૂ. માના મુખ તરફ જ જોયાં કરૂં કે "હમણાં ઘડી પહેલાં ઊઠી શકાતું ન હતું તે શું આ જ મા હતાં કે? અને હમણાં જાણે એકદમ સ્વસ્થ ને વીતરાગ અવસ્થા! જાણે આપણે દિવસનાં કપડા કાઢી સહજ રીતે રાત્રિનાં પહેરી લઈએ તેટલી જ સહજતાથી પૂ. માએ એમનો પાઠ-એમનું રૂપ જાણે બદલી કાઢ્યું અને રાત્રિના નિયમ મુજબના પ્રણામ કરી સમયસર એમણે મૌન લઈ લીધું. અમે સૌ એમની દુનિયામાંથી બહાર નીકળી ગયાં અને હવે એઓ એમની પોતાની ઐકાંતિક દુનિયામાં પ્રવેશી ગયાં.

પૂ. માની તો આ દશા શરૂઆતથી જ હું જોતી આવી છું. મેં તો સદા એમને અસંગ જ જોયાં છે, સંપૂર્ણ અનાસક્ત અને અલિપ્ત. હમણાંની તો એમની દશા જુદી જ છે, જે વર્ણનથી પર જ છે. નવરાત્રિના પહેલા દિવસે પણ સતત તાવ, દુઃખાવો રહ્યો છે. એમનો બેલ વાગવાથી હું એમની પાસે થોડીવાર જાઉં છું તો મને લખી આપ્યું—" અમારે આજથી બહારની દુનિયાનો સંપર્ક બંધ છે.

જન્મ કે મરણ, કે કોઇનો પણ સંદેશો અમને કહેશો નહિં, કોઈપણ સંદેશો અમારા માટે અગત્યનો નથી માટે હવે અમને કહેશો નહિં."

એમનું પ્રત્યક્ષ સાંન્નિધ્ય હવે હું પામી શકતી નથી પણ હું જાણું છું કે હું દુનિયાનાં કોઈપણ ખૂણે રહું ત્યાંથી મારા પ્રણામ, મારી વાતો—એમનાં હૈયા સુધી પ્હોંચે છે. આ

મારો એક અખંડ વિશ્વાસ છે જે ક્યારેય તૂટ્યો નથી. સર્વે ભાવોને સ્વીકારનારી એ માતાને ચરણે મારા સાષ્ટાંગ પ્રણામ હો !

વરસો પહેલાંનાં પૂ. માના જીવનમાં ને આજનાં જીવનમાં એક સામ્ય આંખને ઊડીને વળગે એવું છે, તે એ કે–શ્રી લક્ષ્મી એમનાં જીવનને કદી પણ મોહિત કરી શકી નથી. શ્રી માના કેટલાય ભકતો અહીં પરદેશમાં આશ્રમ સ્થાપી દેવા માટે તૈયાર છે પણ મા સર્વેશ્વરી જેનું નામ, કદીયે લાલચ સામે ના ડગનારી, પોતાનાં ધ્યેયમાં અડગ રહેનારી, અહીં પણ અનાસક્ત બનીને જ વિચરે છે. પૂ. શ્રીનાં શ્રી ચરણે ભેટ ધરાતી લક્ષ્મી પણ ઘણીવાર મા પાછી આપી દે છે. કોઈક કહે કે મા આ લક્ષ્મી સારા માર્ગે વાપરજો, તો વિના વિલંબે મા એ કવર ઉપર...સારા કામ માટે વાપરવું અને આમના તરફથી એવી વિગત નોંધી લે છે. કોઈનુંય પોતાના માટે ના લેવું એવો તો એમનો વર્ષોનો નિયમ છે. પૈસાના હિસાબમાં એઓ સદાનાં ચોખ્ખા રહ્યાં છે. વર્ષો પહેલાં એમની સાથે કોટર્યકનગર, સુરત–જ્યાં પૂ. મા રહેતાં ત્યાં સાથે રહેવાનું બનતું. ક્યારેક ફોનની જરૂર પડે તો મા બાજુમાં ફોન માટે જતાં તો સૌ પ્રથમ પૈસા મૂકે પછી જ ફોનને ડાયલ કરતાં. એટલે પૈસા પહેલાં ધરી દેવાનો એમનો આ ક્રમ વર્ષોથી હું અકબંધ જોતી આવું છું. અહીં શ્રીમા માટે કંઇક કરી છૂટવાની તમન્ના બધાય ભકતોમાં છે. છત્તાંય મા જેમને ત્યાંથી પણ ફોન કરે તેમનું ફોન બીલ જોઈને નહીં, પણ એડવાન્સમાં જ આશરે અમુક રકમ પહેલેથી આપી રાખે છે, અને પાછળથી હિસાબ જાણી લે છે. શ્રી માના યજમાનો શ્રી વિનોદભાઈ, ભગવાનજીભાઈ, સુરેશભાઈ, પણ આ વાતને જાણે જ છે. આવી મારી મા જેવી વ્યવહાર-



કુશળતા કોણ દાખવે! ભારતનાં ખ્યાતનામ સંતો પણ કદાચ વિદેશની ધરતી ઉપર આવી વ્યવહારકુશળતા ને વ્યવહારશુદ્ધિ ભાગ્યે જ દાખવતા કે સાચવતા હશે!” “હિસાબ કોડીનો ને બક્ષીસ લાખની” એ સૂત્રને પૂ. મા જીવનમાં અપનાવી પણ જાણે છે. આવી મારી મા જેવી કોઈક જ વિરલ વિભૂતિ હોય છે જે સંસારીઓનું તો નહીં જ પણ ભકતોનું ઋણ પણ માથે રહેવા દેતી નથી, અરે! પોતાની અંગત જરૂરિયાતની નાની કે મોટી વસ્તુ મંગાવી હોય તો તેના પણ તરત પૈસા ચૂકવી દે પછી જ તે વસ્તુને સ્પર્શ પણ કરે. આવું ભારતમાં તો કરે જ છે, પણ અહીં પણ એજ વર્તન હું જોઈ શકી. આવા વ્યવહારશુદ્ધિના સ્વરૂપ વિષે હું શું લખું, તે મને સમજાતુ નથી.

કેનેડાના કોર્નવોલ શહેરના ભક્ત શ્રી નન્દુભાઈ ને કપિલાબેનના આગ્રહથી પૂ. મા ત્યાં પધારે છે. નોર્થબર્ગનના ઉતારાથી ન્યૂયોર્ક એરપોર્ટ પર પ્હોંચતાં વળી એરપોર્ટ ઉપરના લાંબા લાંબા માર્ગે ચાલતાં પૂ. મા ખૂબ થાકી જાય છે. મોન્ટ્રીયલનાં એરપોર્ટ ઉપર શ્રીમાનું સ્વાગત થાય છે, પછી કોર્નવોલ પ્હોંચીએ છીએ, પરંતુ ત્યાં ટોરન્ટોથી આવેલા ભકતોનાં દર્શન માત્રથી મા જાણે બધું જ ભૂલી ગયાં. પોતાનું દુઃખ, થાક, તાવ, બધું જ, અને એક કલાક સુધી સંકીર્તનમાં જોડાયાં. સંકીર્તનમાં બેઠેલા સહુએ પૂ. માને જાણે દેહાતીત દશામાં સહજ રીતે બિરાજેલા જોયાં.

સંકીર્તન પૂર્ણ થતાં જ ઉપરનાં ઓરડામાં પૂ. મા પહોંચ્યાં કે તુરત જ ફરી તાવ, થાક શરૂ થઈ જાય છે. આખી રાત પૂ. મા તાવ ને થાકની અસહ્યવેદના વેઠે છે. બપોરનાં ‘ કાર્યક્રમમાં જાહેરાત થઇ કે પૂ. મા સૌને ત્રણ વાગ્યે દર્શન આપશે અને ઉપર ઉતારા ઉપર ભયંકર તાવવાળા શરીર

સાથે, સ્વેટરને માથે રૂમાલ બાંધી પૂ મા નીચે ઉતરવાની તૈયારી કરી રહ્યાં હતાં. કોઈને ખબર પણ નહતી. પૂ. મા અચાનક ધીમેથી દાદર ઉતરીને પધાર્યાં-જાણે આકાશમાંથી કોઇ દેવી ઉતરી આવે તેમ. સૌને ખૂબ આનંદ થઇ ગયો સૌએ જય જયકાર સાથે શ્રી માને વધાવી લીધાં. અને પૂ. મા પોતાનો થાક, તાવ ભૂલીને એક કલાક સૌને દર્શન સત્સંગનો લાભ આપી ઉપર આવ્યાં ને વળી ત્રણ વાગ્યે ફરી જાહેર થયેલા કાર્યક્રમમાં પણ પધાર્યા ને 'પરમશક્તિમાં શ્રદ્ધા ઉપર સુંદર વાર્તાલાપ આપી સંકીર્તનને ભજનોની રમઝટ બોલાવી. જાણે કે એકદમ સ્વસ્થ શરીર ના હોય એવું માના સત્સંગ સમયનું સ્વરૂપ તો કદી ભૂલાય તેવું નથી. ઉચ્ચકોટિનાં સંતો દેહથી ઉપર ઉઠીને સઘળા વ્યવહાર કરતા હોય તે પૂ. માને જોતાં સાચું લાગે છે. દેહાતીત દશાને વરી ચૂકેલાં પૂ. મા–આપને અમારા કોટિ કોટિ નમસ્કાર હો.

પૂ. મા અહીં પણ સવારે ૧૫ ને રાત્રે ૭ પંચાંગ નમસ્કાર કરે જ છે. ભયંકર તાવ વચ્ચે પણ, અસહ્ય થાક સાથે નમસ્કાર કે સત્સંગનો શ્રમ ઉઠાવે ત્યારે તો આપણી આંખમાં પાણી આવી જાય. પણ એ એમનાં તપના માર્ગે નિયમોમાં હિમાલય જેવાં અડગ રહ્યાં છે.

પૂ. માનું નિર્જળાવ્રત એટલે તે દિવસે પાણી પણ નહીં લેવાનું. એવા વ્રતનાં દિવસે પણ સતત મુસાફરી કે સતત બોલવાનો શ્રમ ચાલુ જ હોય છતાં પૂ. માના મુખ ઉપર પ્રસન્નતા કદીપણ વિરામ પામતી નથી. પ્રસન્નતાપૂર્વક પ્રભુને પણ કોઈ જાતની ફરિયાદ વિના તપને માર્ગે પૂ. મા એકધારી પોતાનાં ધ્યેય તરફ મજલ કાપી રહ્યાં છે. અમારી કોઇ વિનતિ કે પ્રાર્થના એમને ડગાવી શકતી નથી. વ્રત તપના



આવા અડગ નિયમો અમે તો કોઈના સંસારમાં જોયા નથી. જાણે વરસો પહેલાંનો તપનો મહિમા ફરી જગાડવા જ જાણે સાક્ષાત્ તપ જ આ સ્વરૂપે પૃથ્વી પર પ્રગટ્યું છે શું? હજારો ભક્તો પૂ. માને પુષ્પહાર પહેરાવે, પ્રત્યક્ષ દેવી માની પૂજા કરે કે આરાધના કરી મંત્ર જપે, પણ પૂ. મા એ ક્યારેય એવું સ્વપ્ને પણ વિચાર્યું નથી કે મારે હવે સાધના કરવાની શી જરૂર? એમના દરરોજના અમુક કલાક મૌન, પ્રાર્થના, નિત્યપાઠના નિયમોમાં એવા જ કડક, જાણે એક જાગ્રત સાધક પોતાની સાધનાપંથની કઠિન પગદંડી પર પગ માંડી રહ્યો છે. હે વ્રતજપમાં નહિ ડગનારી અચ્યુતેશ્વરી, અમને પણ પ્રભુમાર્ગે એવું અડગ બળ આપો ને? મા તારા એ રૂપને વારંવાર વંદન.

ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની કૃપાથી પૂ. માને થોડે ઘણે અંશે સમજવા આ કલમે પ્રયત્ન કર્યો છે. બાકી તો પૂ. મા સર્વેશ્વરીનાં એ પૂર્ણ સ્વરૂપને પૂ. શ્રી ગુરુદેવ વિના કોણ પૂરેપૂરું વર્ણવી શકે! કોણ જાણે એમના મહિમાને?

આપણે સૌ તો એમના પ્રાગટ્યદિનના પવિત્ર પ્રસંગે પ્રણામ જ કરી શકીએ અને પ્રાર્થીએ કે–

"હે મા, આપ હવે સાચા સ્વરૂપે પ્રગટો."

(સંપૂર્ણ)

— * —

## * શ્રી માના ચરણે *

પ્રેમલ પવિત્ર માતા એ સર્વેશ્વરી રૂપે વસે,
વંદના આજ શ્રી ચરણે મન મસ્તક મૂકીને. ૧
ચિત્ત મારૂ સદા રહેજો માતાનાં ચરણે હવે,
અંતરે પ્રગટેલો આ ભાવ ખંડિત ના બને. ૨

મસ્તકે સદા મારા માતનો હાથ છે હવે,
હજાર હાથે અદૃશ્ય લીલા કરે બધી ખરે. ૩
અજાણ્ કો માર્ગે મળે ચિંતા એની કરે ખરે,
વરસાવે વ્હાલની વર્ષા સાચે સ્નેહની દેવી એ. ૪
સામાન્ય રૂપ ધારીને ભકતો વચ્ચે સદા વસે,
ભૂલમાં ભરમાવે તે, અજ્ઞાની અટવાય છે. ૫
વાણી વર્ણન ના લખે, નેત્રને કલમ ના મળે
કર્ણને નેત્રનાં છે જ્યાં અનુભવે સમજાય છે. ૬
સંસારને ભૂલાવીને સત્સંગે લઈ જાય તે,
મહિમા જાણીને સાચો ભકતો ભાવે ભજે હવે. ૭
શ્રદ્ધાથી સ્વીકારે જો પ્રત્યક્ષ આ દેવી છે ખરે,
પરખીને પૂજે તેનાં સઘળાં કષ્ટ કપાય છે. ૮
શ્રી યોગેશ્વર પ્રભુ સ્વયં બિરાજે માતમાં ખરે,
રક્ષે છે સર્વને સાચે જાદુગર ખરે જ તે. ૯
યોગેશ્વર પીછાને છે સર્વેશ્વરીને ખરે
કોઈ પાર ના પામે પ્રત્યક્ષ જગદંબ એ. ૧૦



# સાધના માટેનું ત્રિવિધ સંયુક્ત સાધન

શ્રી યોગેશ્વરજી

આત્મિક વિકાસની સાધનાનું આલંબન લેનારે ત્રણ મહત્ત્વના મુદ્દાઓને ધ્યાનમાં રાખવાના છે. એ મુદ્દાઓ પ્રત્યે ઉપનિષદ્માં વરસો પહેલાં અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે. પરંતુ આત્મિક વિકાસની સાધના કાંઈ કેવળ ઉપનિષદ્ યુગ પૂરતી જ મર્યાદિત નથી હોતી. તે તો દેશ અને કાળથી પર હોઈ, પ્રત્યેક યુગમાં એકસરખી આવશ્યક અથવા આશી-ર્વાદરૂપ હોય છે. માટે જ શાસ્ત્રોની તત્ત્વજ્ઞાન કે સાધના-વિષયક વાણી આજે પણ એટલી જ અસરકારક સાબિત થાય છે અને ભવિષ્યમાં પણ સાબિત થશે.

ઉપનિષદ્ની એ વાણી આરંભના અને આગળ વધી ચૂકેલા સઘળા સાધકોને માટે પ્રેરણાની સનાતન સામગ્રીરૂપ છે. એટલે એનો વિચાર આવકારદાયક છે. એમાં કહેવામાં આવ્યું છે કે જે સાધના અથવા આત્મિક વિકાસના અભ્યાસ-ક્રમનું આલંબન લેવામાં આવે તે સાધના અથવા અભ્યાસ-ક્રમનું સાંગોપાંગ જ્ઞાન અભ્યાસીને હોવું જોઇએ. સૌથી પહેલાં તો સાધના શાને માટે કરવામાં આવે છે, તેનો નિશ્ચય કરી લેવો જોઇએ. પોતાની જાતને પ્રશ્ન પૂછવો જોઈએ કે જે સાધના કરવામાં આવે છે તે કોઈ લૌકિક કે પારલૌકિક હેતુની સિદ્ધિ કે સુખોપભોગને માટે તો નથી ને ? જે સાધના કરવામાં આવે તે સાધના કોઈ લૌકિક રાગદ્વેષ, વાસના, સ્વાર્થવૃત્તિ કે અહંતાથી પ્રેરાઇને ના થાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઇએ. તેની પાછળનો હેતુ એકમાત્ર આત્મવિકાસનો જ હોવો જોઇએ. એ ઉપરાંત, સાધના શાને માટે કરવાની છે,

એની મારફત શું મેળવવાનું છે, એનો એટલે કે પોતાના પ્રાપ્તવ્ય, ગંતવ્ય સ્થાન, ધ્યેય કે આદર્શનો સ્પષ્ટ ખ્યાલ હોવો જોઇએ. એના સંબંધી કોઈ ભ્રાંતિ ન હોવી જોઇએ. પોતાના ધ્યેય કે આદર્શનો સ્પષ્ટ ખ્યાલ હશે તો સાધક એ ધ્યેયની પ્રાપ્તિ થતાં લગી, છેવટ સુધી પોતાની સફર ચાલુ રાખશે, કોઈ પ્રકારના પ્રલોભનમાં પડીને કે ભયસ્થાનમાં અટવાઇને અધવચ્ચે નહિ અટકી પડે, તથા કોઇ જાતની ભ્રાંતિનો શિકાર પણ નહિ બને.

સાધ્યની સ્પષ્ટતા એકવાર થઈ ગઇ એટલે પછી એની પ્રાપ્તિ માટેના સાધનોનો નિર્ણય પણ કરી લેવો જોઇએ. સાધકના મનમાં એ વિશે પણ કોઈ પ્રકારની અસ્પષ્ટતાનો અવકાશ ન રહે એ આવશ્યક છે.

એ બધી વિચારણાને સંક્ષેપમાં કહેવી હોય તો એમ કહી શકાય કે જે સાધના કરવામાં આવે તે સાધના સમજપૂર્વક-એની પૂરતી માહિતી સાથે કરાવી જોઇએ.

સાધનાના અનુષ્ઠાનમાં બીજી આવશ્યક વસ્તુ શ્રદ્ધા છે. એ શ્રદ્ધા પોતાની અંદર હોવી જોઇએ, ગુરુમાં હોવી જોઇએ, ઈશ્વરમાં હોવી જોઇએ, અને પોતાના પસંદ કરેલા અભ્યાસક્રમમાં હોવી જોઇએ. એવી ચતુર્વિધ શ્રદ્ધા ન પ્રકટે ત્યાં સુધી સાધનાની સિદ્ધિ આકાશકુસુમવત્ અશક્ય જ બની રહે છે. શ્રદ્ધા વગરની સાધના પ્રાણવાન નથી બની શકતી, અને ધારેલું પરિણામ પણ પેદા નથી કરી શકતી.

સાધના સંબંધી સ્પષ્ટ સમજ હોય, અને સાધના માટે ઉપર કહી તેવી જરૂરી ચતુર્વિધ શ્રદ્ધા પણ હોય, પરંતુ ભક્તિ ન હોય તો એને માટે સર્વસમર્પણ કરવાની અદમ્ય ઇચ્છાશક્તિ, ફના થઇ જવાની વૃત્તિ, કે પ્રબળ પુરુષાર્થપરતા ન



હોય તો? સાધના ભાગ્યે જ સફળ થઇ શકે. સાધનાસંબંધી સ્પષ્ટ માર્ગદર્શન મેળવીને તથા શ્રદ્ધા પેદા કરીને એની સંસિદ્ધિના પ્રયાસમાં લગનપૂર્વક લાગી જવું જોઇએ. જેમણે પણ સિદ્ધિ મેળવી છે એમણે એવા એકધારા ઉત્સાહયુક્ત હિંમતપૂર્વકના પ્રયાસથી જ મેળવી છે. એટલા માટે એનો અનાદર કર્યે નહિ ચાલે.

આત્મિક વિકાસની સાધનામાં કે વ્યવહારિક કર્મની સિદ્ધિમાં, બંનેમાં, સમજ, શ્રદ્ધા તથા પુરુષાર્થના એવા ત્રિવિધ સંયુક્ત સાધનની આવશ્યકતા છે. એને જ લક્ષમાં રાખીને ઉપનિષદ્કારે પેલું સુંદર વાક્ય કહી બતાવ્યું છે કે यदेव विद्यया करोति श्रद्धयोपनिषदा तदेव वीर्यवत्तरं भवति। ‘જે જ્ઞાનપૂર્વક, શ્રદ્ધાસહિત, પુરુષાર્થી થઇને કરવામાં આવે છે તે જ વીર્યવાન કે સફળ બને છે.’ એ ત્રિવિધ સાધનસંપન્ન સાધક જ બળવાન બને છે. આત્મિક સાધનાની વાતને બાજુએ રાખીને વિચારીએ તો પણ જીવનના કોઇપણ ક્ષેત્રમાં સફળતાપૂર્વક સુચારુરૂપે આગળ વધવા અને સફળ બનવા માટે એ સાધનોની એટલી જ આવશ્યકતા છે. એટલે કે જે કાર્ય કરવામાં આવે તે જ્ઞાન અથવા સમજપૂર્વક, અદમ્ય આત્મવિશ્વાસથી અને પોતાની સંપૂર્ણ શક્તિને કામે લગાડીને સમર્પણભાવથી કરવાની આવશ્યકતા છે. એવી રીતે કાર્ય કરવાથી કાર્યસિદ્ધિ દૂર નથી રહેતી.”

# હું શું છે?

સ્વામી સંપૂર્ણાનંદ (મૌની ભિક્ષુ)
સંકલનઃ–ઈશ્વરભાઈ શાહ

જીવનનું અધ્યયન કરતાં મુખ્ય પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે "હું શું છે?" તમે બધા તમને કાંઇને કાંઇ માનો છો. પરંતુ તમે તમને જે માનો છો તે શું તમારૂં અસ્તિત્વ છે? આ ઉપર વિચાર કરતાં સ્પષ્ટ વિદિત થાય છે કે પ્રત્યેક માન્યતાનું ઉદ્ગમ સ્થાન "આ" સાથે તદ્રૂપ થવામાં છે. "આ" ના અર્થમાં શરીર, પ્રાણ, મન, બુદ્ધિ, ઈંદ્રિયો વગેરે બધાંને લેવાનાં છે. હવે તમે જો "આ" થી વિમુખ થઇ તમારો પત્તો લગાવશો તો તમારામાં કોઇપણ માન્યતાનો આરોપ નહિ કરી શકો. માન્યતાનો સ્વીકાર કરતાંજ બધા પ્રકારની ચાહનાનો અંત થઇ જશે. ચાહના રહિત થતાંજ સમસ્ત દૃશ્યથી સંબંધ વિચ્છેદ થઈ જાય છે. જે થતાંજ રાગ–દ્વેષ સદા માટે મટે છે. રાગનો અંત થતાંજ ભોગ ને યોગમાં, મૃત્યુ ને અમરત્વમાં, અને દ્વેષનો પણ અંત થતાં જ મોહ પ્રેમમાં વિલીન થાય છે. પછી કર્તા, કર્મ અને ફળ ત્રણે મટી જતાં તેનાથી અભિન્ન થાય છે કે જે બધાનો બંધુ છે.

"આ" એટલે કે શરીર, પ્રાણ, મન, બુદ્ધિ, ઈંદ્રિયો વગેરે સાથે તદ્રુપ થાય તોપણ "હું" જેવી કોઈ સ્વતંત્ર વસ્તુ સિદ્ધ થતી નથી. "આ" સાથે તદ્રૂપ થતાં વિશ્વનાં દર્શન તો થશેજ. શરીર વિશ્વરૂપ સાગરની એક બુંદ છે, બાકી કાંઈ નથી, શરીર અને વિશ્વનું વિભાજન શકયજ નથી. આ દૃષ્ટિથી સાબીત થાય છે કે "આ" સાથે તદ્રૂપ હોવા



છતાં પણ "હું" જેવી કોઇ સ્વતંત્ર વસ્તુ નથી. "આ" સાથે તદ્રૂપ થતાં "હું" નો અર્થ સમસ્ત વિશ્વ થઇ જાય છે. પછી વ્યક્તિગત માન્યતાનું કોઈ સ્થાનજ રહેતું નથી.

શું વિશ્વ સાથે એકતા કરવાવાળી માન્યતાનો તમારા જીવનમાં કોઇ અર્થ છે? તો કહેવું પડશે કે જેમ તમે સમસ્ત વિશ્વ સાથે ઉપેક્ષા ભાવ રાખો છો, તેમ તમારે શરીર સાથે પણ ઉપેક્ષાભાવ રાખવો. જેમ શરીર સાથે આત્મીયતા રાખો છો, તેમ સમસ્ત વિશ્વ પ્રત્યે આત્મીયતા કરવી જોઈએ.

જો તમે શરીર પ્રત્યે ઉપેક્ષાભાવ રાખશો તો મોહ જેવી કોઈ વસ્તુ રહેશે નહિ. અને સમસ્ત વિશ્વ પ્રત્યે આત્મીયતા કરતાં સીમિત પ્યાર જેવી કોઈ વસ્તુ રહેશે નહિ. મોહ અને સીમિત પ્યારનો અંત થતાંજ અવિવેક અને બધા પ્રકારના રાગને સ્વતઃ અંત થાય છે. અવિવેક જતાં નિત્યજ્ઞાનથી, અભિન્નતા અને રાગ જતાં નિત્યયોગની પ્રાપ્તિ સ્વતઃ પ્રાપ્ત થાય છે.

હવે કદાચ તમે પ્રશ્ન કરો કે જ્ઞાન તો બુદ્ધિ–ઈંદ્રિયોમાં પણ છે. તો કહેવું પડશે કે તે જ્ઞાન પૂર્ણ જ્ઞાન નથી; અલ્પ-જ્ઞાન છે, અનંત જ્ઞાનથી પ્રકાશિત થાય છે, પર પ્રકાશ્ય છે. જ્યારે નિત્યજ્ઞાન સ્વયં પ્રકાશ છે, પર પ્રકાશ્ય નથી.

ઈંદ્રિયોનું જ્ઞાન વિષયો–ભોગોમાં આસક્તિ ઉત્પન્ન કરાવે છે. બુદ્ધિજ્ઞાન વિષયોથી અનાસક્તિ ઉત્પન્ન કરાવે છે. જ્યારે નિત્યજ્ઞાનથી તો અમરત્વ તથા નિત્યયોગની પ્રાપ્તિ થાય છે.

ખરેખર તો ઈંદ્રિયજ્ઞાનનો ઉપયોગ સ્વાર્થભાવનો ત્યાગ કરી વિશ્વની સેવા કરવામાં છે. અને બુદ્ધિ જ્ઞાનનો ઉપયોગ વિષયોથી વિરકત થવામાં છે. આમ દૃષ્ટિથી ઈંદ્રિય તથા બુદ્ધિ

બંને આદરણીય જરૂર છે, પરંતુ કયાં સુધી? તેઓનો દુરૂપયોગ ન કરવામાં આવે ત્યાં સુધી. ઇંદ્રિય જ્ઞાનનો દુરૂપયોગ તે વિષયોમાં લોલુપતા અને બુદ્ધિ જ્ઞાનનો દુરૂપયોગ તે વિવાદ કરવો તે છે. જેનું જીવનમાં કોઈ સ્થાન નથી, ન હોવું જોઈએ.

"હું" અને વિશ્વ એક છે એ પણ સાધનરૂપ માન્યતા છે, સાધ્યરૂપ કે નિર્ણયાત્મક નથી. આ સાધનરૂપ માન્યતાથી તમારે સીમિત પ્યારનો અંત કરવાનો છે. તેમજ દેહના મોહ અને તદ્રુપતાથી રહિત થવાનું છે. વિશ્વની સાથે એકતાનો સ્વીકાર કરતાંજ સામુહિક સુખ-દુઃખ તમારૂં સુખ-દુઃખ બનશે જેથી તમારા હૃદયમાં કરૂણા તથા પ્રસન્નતા ઉત્પન્ન થશે.

કરૂણા ભોગ પ્રવૃત્તિઓને અને પ્રસન્નતા ભોગ-વાસનાઓને ખાઇ જાય છે. જે થતાં સમસ્ત કામનાઓનો અંત થાય છે. જેથી નિર્દોષતા આવે છે. અને ગુણોનું અભિમાન ગળી જાય છે. જે ગળતાંજ પરિચ્છિન્નતા તથા સંકીર્ણતા સદા માટે મટે છે. તે મટતાંજ પ્રભુથી અભિન્ન થવાય છે. પછી સીમિત પ્યાર જેવી કોઈ વસ્તુ રહેતી નથી. ટુંકમાં બધી આસકિતઓ મટી પ્રભુની પ્રીતિ બને છે.

પ્રીતિ અને આસકિતમાં મોટું અંતર છે. આસકિતમાં જડતા, જ્યારે પ્રીતિમાં ચિન્મયતા છે. આસકિત મટી શકે છે. જ્યારે પ્રીતિ નિત્ય છે. આસકિતનો જન્મ હોઈ અવિવેકયુકત પ્રવૃત્તિથી તથા અભ્યાસથી થાય છે. જ્યારે પ્રીતિ અભ્યાસ જન્ય નથી, સ્વભાવ છે, શ્રમરહિત છે, જીવન છે, અવિવેક સિદ્ધ નથી પરંતુ વિવેક સિદ્ધ છે. આસકિતની પૂર્તિ તેમજ નિવૃત્તિ થાય છે જ્યારે પ્રીતિની પૂર્તિ તેમજ નિવૃત્તિ



નથી. આસકિત ઘટે તેમજ વધે છે અને મટે પણ છે, જ્યારે પ્રીતિની ઉત્તરોત્તર વૃદ્ધિ જ થાય છે. વધતી-ઘટતી નથી. આસકિત વસ્તુ-વ્યકિત-અવસ્થામાં સીમિત રહે છે. જ્યારે પ્રીતિ વિભુ રહે છે. આસકિત બંધન ઉત્પન્ન કરે છે અને મૃત્યુ તરફ લઈ જાય છે, જ્યારે પ્રીતિ સ્વાધિન બનાવે છે અને અમરત્વ પ્રદાન કરે છે. આસકિત એકમાં અનેકતાનાં દર્શન કરાવે છે. જ્યારે પ્રીતિ અનેકતાને એકમાં વિલીન કરે છે કેમકે પ્રીતિની દૃષ્ટિમાં પ્રિતમથી ભિન્ન કાંઈ છે જ નહિ.

આ દૃષ્ટિથી "હું" નો અર્થ વિશ્વની સાથે એકતા, પ્રભુથી અભિન્નતા તેમજ પ્રભુની પ્રીતિથી અતિરિકત કાંઈ નથી, અથવા એમ કહો કે "હું" નો અર્થ કાંઈ નથી અગર બધુંજ છે અગર માત્ર પ્રીતિજ છે.

—*—

મૂરખાઓ શાણા લોકો પાસેથી શીખે છે તેના કરતાં વધારે શાણાઓ મૂરખા પાસેથી શીખતા હોય છે.

IS: 10001

ઓ. ૨૫૬૬૮
ફે. ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. ૪૧૪૭૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

# સમત્વધારી–યોગીજી મહારાજ

સાધુ પ્રીતમપ્રસાદદાસજી

જનકભાઈ દવે નામના એક હરિભક્તે એક સામાન્ય દેખાતા માણસ તરફ આગળી ચીંધીને મને પૂછ્યું: 'પેલા ઉભા તે કોણ છે?'

'નહિ ત્યાગી અને ગૃહસ્થી એવા માણસ, યોગીજી મહારાજ એમને ઓળખતા.' મેં કહ્યું.

પ્રસંગ એવો હતો. એક વખત પૂજ્ય યોગીજી મહારાજ આનંદપુર પધાર્યા હતા. અહીં એમનું ધામધૂમથી સ્વાગત થયું. નગરયાત્રા કાઢવામાં આવી. ગામના તેમજ જિલ્લાના મોટા મોટા માણસો મળવા આવ્યા હતા. આજે જાહેર-સભામાં પ્રવચનો થયાં અને આનંદ ઉલ્લાસ થઇ રહ્યો.

રાત્રે યોગીજી મહારાજ સાથે ફરતા કોલેજના યુવાનોને નાસ્તો કરાવી રહ્યા હતા. સાથે સાથે જ્ઞાન ગમ્મત પણ થઇ રહી હતી, એટલે બધા આજુબાજુનું વાતાવરણ ભૂલી ગયા હતા.

એવામાં આ નહિ ગૃહસ્થ અને નહિ ત્યાગી એવા ભાઇ આવીને ઓસરીમાંથી જોવા લાગ્યા. એમનો લઘર વઘર વેષ. માથે મૂંડો. એ શું જોઈ રહ્યા હતા એ તો એ જાણે.

યોગીજી મહારાજનું ધ્યાન એમના તરફ ગયું અને પ્રેમથી બોલાવ્યા. આવો ડાહ્યા ભગત મઝામાં છો ને? આવો અહીં નાસ્તો કરો. નિરાંતે કરો. આ તમારું જ ઘર છે.' એમ કહી તેમને અંદર લાવ્યા. તેમને એક થાળીમાં નાસ્તો



પીરસી એમની બાજુમાં બેસી ગયા. ખૂબ પ્રેમથી તેમની સાથે વાતો કરી. ખબર અંતર પૂછયા.

આ ડાહ્યા ભગત મૂળ વાઘોડિયા ગામના હતા. અટલાદરા મંદિરમાં અવારનવાર આવતા. ગરીબ દેખાતા આ ભગતને કોઇ પૂછતું નહિ. યુવકો–કાર્યકરો તેમને સામાન્ય ગણી તેમને બોલાવતા નહિ.

પણ યોગીજી મહારાજે એમને સામેથી બોલાવ્યા. 'ડાહ્યાભાઈ! કંઈ જોઈએ?' એમ કહી પ્રેમપૂર્વક આગ્રહ કરીને તેમને જમાડ્યા. ડાહ્યા ભગત આજે આ પ્રસંગ યાદ કરે છે ત્યારે અત્યંત ગળગળા થઈ જાય છે. આપણી દૃષ્ટિએ તદ્દન સામાન્ય દેખાતા આ ગાંડા જેવા દેખાતા આ ડાહ્યા ભગતને આટલા પ્રેમથી જમાડનાર યોગીજી મહારાજની કેવી દૃષ્ટિ હશે! કેવો સમત્વભાવ એ મહાપુરુષમાં હશે!

× × ×

એક વખત યોગીજી મહારાજ ધર્મજથી ડભોઇ જઇ રહ્યા હતા. ટ્રેનની મુસાફરી હતી. સાથે કેટલાક હરિભક્તો પણ હતા. પેટલાદ સ્ટેશન પર ગાડી થોડી વધુ ઉભી રહેવાની હતી. રેલ્વે સ્ટેશન આવતાં, નજીકના વડ નીચે સ્વામી શ્રી યોગીજી મહારાજ કથાવાર્તા કરવા બેસી ગયા. એમનો વાક્પ્રવાહ વહેતો થયો. તળપદી ભાષા. રમૂજ થયા કરે.

શ્રોતાઓને એમની વાતોમાંથી ખૂબ આનંદ આવે. જે પાઠ મોટાં મોટાં વ્યાખ્યાન ખંડોમાંથી શીખવા ન મળે એ અહીં રેલ્વે સ્ટેશન પરના વડ નીચેથી શીખવા મળે.


અત્યારે બધાનાં ચિત્ત યોગીજી મહારાજ તરફ ખેંચાયેલાં હતાં. એવામાં એક ગાંડો માણસ ટ્રેનના ડબામાંથી ઉતરીને

આવ્યો. એ એની મસ્તીમાં. એને કોઇની સાડાબારી નહિ. તેણે ઝાડ નીચે માણસો જોયા એટલે એ બાજુ વળ્યો. અહીં ભગવાં કપડાંમાં યોગીજી મહારાજને જોયા એટલે એમની પાસે આવવા લાગ્યો. 'બાપુ, મને પ્રસાદ આપો. બાપુ મને પ્રસાદ આપો.' કહી એ બૂમો પાડવા લાગ્યો.

હવે તેને રોકવો મુશ્કેલ હતો. ચાલુ સભાએ આમતેમ દોડાદોડ કરી મૂકી બધાને ખલેલ પડતી જોઈ એક યુવકે તેને રોકયો. કાંડુ પકડીને થોડી પૃચ્છા કરી. પણ એના મોઢેથી એક જ શબ્દ નીકળયા કરે. 'મને પ્રસાદી, મને પ્રસાદી!' યુવકો તેને સમજાવવા લાગ્યા કે પ્રવચન ચાલે છે. થોડીવાર શાંત બેસી રહે. પણ એ તો મોટેથી અવાજ કરવા લાગ્યો.

હવે યુવકોએ તેને ધમકી આપી દૂર જવા કહ્યું. તે જોઇને યોગીજી મહારાજે અતિશય દયાપૂર્વક કહ્યું. "શું છે! તેને શું જોઇએ છે! પ્રસાદને! આપો પ્રસાદ. પછી પ્રસાદનો ડબો આણ્યો અને ડબો ખોલી પ્રસાદ આપી તેને પણ રાજી કર્યો.

થોડીવારમાં સભા પૂરી થઇ. સ્થાન ખાલી થઈ ગયું. પણ યોગીજી મહારાજની દરેકને વિષે કેવી સમદૃષ્ટિ છે એનો આડ કતરો બોધપાઠ હાજર રહેલ સહુને મળી ગયો. કેવળ પોપટિયા જ્ઞાન કરતાં આચરણમાં વ્યકત થતું જ્ઞાન જોનાર વ્યકિતને સવિશેષ અસર કરે, એ ન્યાયે સહુ ધન્ય બન્યા. નાના નાના પ્રસંગોમાં પણ મહાપુરુષોની મોટાઈ વ્યકત થતી રહેતી હોય છે, જેને એની દૃષ્ટિ હોય, તેજ એ સમજી શકે, ગ્રહણ કરી શકે.



# કબીર–સુધા

લે. પરમાર્થી

## મોહ રૂપી મૃગ

રાગ : વસંત

મધુ મોહ મૃગ માર્યો ન જાય
મેરી બુધવાડીમે બસ્યો હૈ આઇ ! ટેક.

મેરી વાડીમેં નીપજે મુક્તવેલ
સો ચ્યેત ચર જાયે એલ[1]
રહને ન પાવે ફલફૂલ પાત[2]
મૈં સીંચ સીંચ રહુ પટકી હાથ ! ૧

ધ્યાન ધનુષ સાંધ્યું, સંધાય,
સુરત નૂરત કી ગ્રહો બાંય !
જો તે મારું તાકી તોહે
તબ હોત વિદેહી જાય વિલાતે ! ૨

યહ મૃગ મારી શકે ન કોઇ,
સુરિનર મુનિવર રહ્યા રે જોઈ !
કહેત કબીર તિને દિયો હૈ ટાલ[3]
જિને રામભજન કી કીની હૈ વાડ ! ૩

૧ એલ=અમસ્થું એટલે કે સરળતાથી.

૨ પાત=પાન પાંદડાં.

૩ ટાલ=છોડી દેવું. મોહરૂપી મૃગે તે જ લોકોને છોડી દીધા છે કે જેમણે ભક્તિરૂપી વાડ ફરતે કરી હોય !

આપણે ખેડૂતો છીએ. ખેડૂતોની તમામ મુશ્કેલીઓનો



અને તમામ જવાબદારીઓનો આપણને ખ્યાલ છે. મહેનત વિના ખેતીનો વિકાસ ન થઇ શકે. તે એક સત્ય હકીકત છે. માત્ર શારિરીક મહેનત નહીં, પરંતુ માનસિક મહેનતની પણ વિશેષ આવશ્યકતા રહેલી છે. ઓરણી કરીને કે રોપણી કરીને કોઇ ખેડૂત બેસી નથી રહેતો. બિયારણ તો તે ઉત્તમ પ્રકારનું વાપરશે જ. પરંતુ ઓરણી કર્યા પછી ઉગે છે કે નહીં તેની પણ તેને ચિંતા હોય છે. ન ઉગવાના કારણોની પણ તે તપાસ કરે છે. ઉગતા જ અંકુર મરી જતો હોય તો તેને યોગ્ય દવાનો છંટકાવ કરી બચાવવા પ્રયત્ન કરે છે. છોડના સંરક્ષણની જવાબદારી ખેડૂતો સારી રીતે સમજે છે. છોડની તમામ પ્રકારની માવજત કરી પાક તૈયાર કરે છે. આ બધું કર્યા પછી પણ પંખીઓ દ્વારા કે રખડતા ઢોર દ્વારા તેને નુકશાન ન પહોંચે તેની પણ તેને ચિંતા હોય છે. તે માટે તે ઉત્તમ પ્રકારની વાડની સગવડ કરે છે.

આ પદની અંતિમ પંક્તિ વાંચીએ છીએ ત્યારે વાડના મહિમાનો વાચકને ખ્યાલ આવે છે. આધ્યાત્મિકતાની વાડીનો જેણે વિકાસ કર્યો છે તે જો ભક્તિરૂપી વાડ ન કરે તો તેની મહેનત ફળતી નથી. મોહરૂપી મૃગ ભટકયા જ કરે છે. તક મળે એટલે પોતાનો ચારો ગમે ત્યાંથી તે શોધી લે છે. તેને મુક્તિ રૂપી વેલ બહુ ભાવે છે. એટલે આધ્યાત્મિકતાની વાડીની ફરતે તો આંટો માર્યા વિના રહે નહીં. જો છીંડુ મળે તો તરત જ તે અંદર ઘુસી જાય છે. અને મુક્તિરૂપી વેલને ચરી જાય છે. ભારે મહેનત કરીને સાધકે મુક્તિરૂપી વેલને લીલી છમ બનાવી હોય છે. તેને ફળ અને ફુલ આવવાની તૈયારી હોય ત્યારે જ મોહરૂપી મૃગ વાડીમાં ઘુસી આવે છે અને પોતે રૂષ્ટપુષ્ટ બને છે ! સાધકની મહેનત પર આ રીતે પાણી ફરી વળે છે.

જેણે અધ્યાત્મિકતાની વાડી ખીલવી નથી તેવા માણસોનો વર્ગ આ જગતમાં ઘણો મોટો છે. સાધના કરનારની બુરી દશા થતી હોય તો ન સાધના કરે તેની શી દશા થાય! તે શું બચી જાય છે? ના ભાઈ ના! મોહરૂપી મૃગ તેવા વર્ગનો તો બહુ જ ઓછી મહેનતે શિકાર કરી લે છે. ક્ષણ પ્રતિક્ષણે તેવો વર્ગ મોહનો શિકાર બન્યા જ કરે છે! ઘડી ઘડી ટેક લે છે અને ઘડી ઘડી ટેકને છોડી પણ દે છે! એક તો મહેનત કરવામાં તે રાંક છે. તેમાં વળી ભુલેચૂકે આકરું વ્રત લેવાનો તે નિર્ણય લે છે ત્યારે તો તેની દશા જોવાજેવી થઈ જાય છે. ત્રણચાર કલાકમાં તે વ્રતનો ભંગ ન કરે તો જ આશ્ચર્ય! તેવા વર્ગમાં મોહરૂપી મૃગનો જાદુ સર્વત્ર ફેલાયલો રહે છે.

પરંતુ જેણે આધ્યાત્મિક માર્ગે આગળ વધવા માટે ખુબ મહેનત કરી છે, આકરી તપશ્ચર્યા પણ કરી છે, સ્વાધ્યાય આદિ કરીને વિદ્વત્તા પણ પ્રાપ્ત કરી છે તેવા મનુષ્યનો વર્ગ પણ આ જગતમાં અસ્તિત્વ ધરાવે છે. આજે જ તેવો વર્ગ ઉભો થયો છે એવું નથી. પુરાતન કાળથી તેવો વર્ગ ચાલતો આવ્યો છે. વિશ્વામિત્રને જુઓ. કેટલી બધી તપશ્ચર્યા કરી હતી. કેટલી બધી વિદ્વત્તા પ્રાપ્ત કરી હતી! છતાં પણ મોહ-રૂપી મૃગ તેમને છોડતું નથી. આ મોહરૂપી મૃગ ઘણી હોંશિયારીથી તેવા સાથે વર્તે છે. પહેલાં તો બુદ્ધિમાં તે છીંડુ પાડે છે. થોડા સમય માટે બુદ્ધિ જ ભ્રષ્ટ બનાવી દે છે અને ત્વરાથી તેનો કબજો લઇ લે છે. બુદ્ધિમાં મોહ પેદા થાય એટલે શરીર પર તેની ભારે અસર થઇ જાય છે. શંકા-કુશંકાના વાવાઝોડાં તો રોમે રોમે જાણે કે ફરી વળે છે! તરત જ તેના નિર્ણયમાં ફેરફાર થઈ જાય છે. દૃઢતા તેની ઓગળતી જાય છે. અર્જુન ઘરેથી નીકળ્યો હતો ત્યારે તો



યુદ્ધ કરવાના ઇરાદાથી જ નીકળ્યો હતો. યુદ્ધની જાહેરાત થઇ તે પહેલાં પણ કૌરવો સાથે યુદ્ધ કરવા તે તલપાપડ બન્યો જ હતો. તેટલા માટે તો તેણે માત્ર શ્રી કૃષ્ણનો જ સાથ માંગ્યો હતો. કૌરવના પક્ષમાં કોણ કોણ છે તેની પણ તેને જાણ તો હતી જ. છતાં યુદ્ધના મેદાનમાં આવ્યા પછી સામે પક્ષે કોણ કોણ ઉભા છે તે જોવા જેવી નજર કરે છે કે તરત જ મોહરૂપી મૃગ તેની બુદ્ધિમાં પ્રવેશ કરે છે! યુદ્ધની સંપૂર્ણ તૈયારી કરીને આવેલો અર્જુન યુદ્ધ ન કરવું જોઇએ એવું તત્ત્વજ્ઞાન બોલતો થઈ જાય છે! યુદ્ધની ભયં-કરતાનો તેને વિચાર આવે છે એટલે તેના પગ ધ્રુજવા લાગે છે! શરીરે પ્રસ્વેદ પ્રસ્વેદ થઈ જાય છે! તે ઉભો પણ રહી શકતો નથી અને નીચે બેસી જાય છે! મોહરૂપી મૃગનું આવું કારસ્તાન હોય છે! શ્રી કૃષ્ણ તેને સમજાવે છે. તેની તમામ પરિસ્થિતિથી તેને વાકેફ કરે છે. છેવટે તે બોલી ઉઠે છે-નષ્ટો મોહ એટલે કે મારો મોટ નષ્ટ થયો. ત્યાર પછી જ તે યુદ્ધ કરવા ફરીથી તૈયાર થાય છે. આ રીતે વિદ્વાન ગણાતા વર્ગમાં પણ મોહરૂપી મૃગ પોતાનો ચારો ચરતું જ રહે છે!

તો શું મોહરૂપી મૃગને કોઈ મારી શકતું નથી? કબીર સાહેબ હકીકત જણાવતા કહે છે કે આજ લગી કોઇ મારી શક્યું નથી. નથા મારી શકયા દેવલોકો કે નથી મારી શકયા મુનિઓ! નથી ફાવી શકયો ઇન્દ્ર કે નથી ફાવી શકયા વિશ્વામિત્ર! ભલેને કલ્પાનામાં ન આવે તેવું આકરું તેમણે તપ કર્યું હોય! અક્ષરજ્ઞાનમાં પાવરધા હોય કે મોટા મોટા વિદ્યાવાચસ્પતિ હોય! ભલેને મોટા ધનુર્ધારી હોય કે રાજા મહારાજા હોય! આ મોહરૂપી મૃગના પ્રભાવથી કોઈ બચ્યું નથી.

તો શું આધ્યાત્મિકતાનાં ઉચ્ચ શિખરો કોઇએ સર કર્યાં

જ નથી ? શું બધાં જ મોહરૂપી મૃગના પ્રભાવ હેઠળ હતાં ? કબીર સાહેબ જેવા અનુભવી પુરુષો આપણને નિરાશ નથી કરતા. તેઓ સ્પષ્ટ માર્ગદર્શન આપે છે. તેમના વચનમાં આજે પણ ઇશ્વરી બળનો આપણને અનુભવ થાય છે. તેમણે જે કહ્યું છે તે પોતાના અનુભવ પ્રમાણે કહ્યું છે. આધ્યાત્મિક શિખરો તો શું પણ પરમાત્માના પદ પર આરૂઢ થયેલા અનેક મહાપુરુષો ભારત દેશમાં જન્મ્યા છે. મોહરૂપી મૃગથી બચવા માટે તેમણે સરળ ઉપાય બતાવ્યો છે. કબીર સાહેબ તો કહે છે કે ભક્તિરૂપી વાડ કરવી જોઈએ ! ભકિતરૂપી વાડમાં છીંડુ પડી શકતું નથી ! અને જો પડે તો મોહરૂપી મૃગ પરમાત્માએ નક્કી કરેલી લક્ષ્મણરેખા ઓળંગી શકતુ નથી ! અહીં વેવલીભકિતની વાત કરવામાં આવી નથી. ટીલાં-ટપકાંમાં સમાય જતી ભક્તિ પણ નહીં. માત્ર ક્ષમાયાચના કરનારી ભકિત પણ નહીં. ભકિત એટલે તો ભગવાન સાથે જોડનારી શકિત. તેથી તો ભકિતને પ્રેમસ્વરૂપા કહી છે. પ્રેમ તો બેને જોડનારું રસાયણ છે. તે રસાયણ સિદ્ધ કરવા માટે ભારે મહેનત કરવી પડે છે. અનુભવી પુરુષો તેવી મહેનતને ત્રણ શબ્દોમાં વર્ણવે છે : તપ, સ્વાધ્યાય અને ઇશ્વરની ભકિત ! આ ત્રણે સાધનો એક સાથે સધાવાં જોઇએ. વારા-ફરતી નહીં. જ્યારે જ્યારે પરમાત્મભાવની લગની લાગે ત્યારે ત્યારે તે પોતાની અંગત તૃષ્ણાઓનો ત્યાગ કરે છે. તે માટે ખુબ મથે છે. ભૂખ અને ઉંઘને પણ તે જોતો નથી. એને જ તપ કહેવામાં આવે છે. પોતાનું આત્મનિરીક્ષણ કરવું તે સ્વાધ્યાય છે. કામચલાઉ સિદ્ધિમાં તે ફસાતો નથી. સંતોષનો અનુભવ કરી તે બેસી પણ રહેતો નથી. તે પોતાની જાતમાં ફેરફાર કરવા હંમેશ તૈયાર રહે છે. તે માટે અનુભવી પુરુષોની સહાય પણ તે લે છે. જરૂરી શાસ્ત્રગ્રંથોનું પારાયણ પણ કરી



લે છે. આવી મહેનતને સ્વાધ્યાય તરીકે ઓળખવામાં આવે છે. ખાતા–પીતા–બેસતા–ફરતા–ઉંઘતા કે તમામ ક્રિયા કરતા પરમાત્માની જ ઝંખના મન કર્યા કરે ત્યારે ઈશ્વરની ભકિત થઈ કહેવાય. આ ત્રણે સાધનો વારા ફરતી કરવાનાં નથી. તપવાની ક્રિયા સાથે સ્વાધ્યાય અને ઇશ્વરની ભકિત પણ જોડવી જોઈએ. તેજ રીતે સ્વાધ્યાયની ક્રિયા સાથે તપ અને ભકિત બંને થવાં જોઈએ. આવા અર્થમાં ભકિતરૂપી વાડને કબીર સાહેબ સમજાવી રહ્યા છે. કોઇ એકલી તપશ્ચર્યા કરે તે પણ ન ચાલે કોઈ એકલો સ્વાધ્યાય કરે તે પણ ન ચાલે કારણ કે એકાંગી વિકાસમાં મોહરૂપી મૃગ ફાવી જાય છે. તપશ્ચર્યાથી શરીરની શુદ્ધિ થાય છે તો સ્વાધ્યાયથી વાણીની શુદ્ધિ થાય છે. તે જ રીતે ભકિતદ્વારા અંતઃકરણની શુદ્ધિ થાય છે. જ્યાં સુધી અંતઃકરણની શુદ્ધિ થતી નથી ત્યાં સુધી મોહરૂપી મૃગ કાયમ પજવતું રહે છે !

તપશ્ચર્યા તો અસુરો પણ કરતા હતા. શાસ્ત્રો એટલા માટે તો એકલી તપશ્ચર્યાને મહત્ત્વ આપતાં નથી. રાવણે ભારે તપ કર્યું હતું. ભગવાન શિવને તેણે પસંદ કર્યા હતા. ભગવાને તેની કસોટી થાય તે રીતે તેને અપ્રતિમ બળ માંગ્યું હતું એટલે આપ્યું હતું. આ અપ્રતિમ બળનો ઉપયોગ તેણે રંજાડપ્રવૃત્તિ માટે જ કર્યો હતો. પોતાનો અંગત સ્વાર્થ સાધવા માટે જ કર્યો હતો. બીજાને ભોગે પોતે સુખી થવાની મનોકામના ડગલે ડગલે વ્યકત થતી હતી તેથી જનહિતનું એકે કાર્ય તે કરી શક્યો ન હતો. તે નિત્ય ક્રિયામાં સંધ્યા પણ કરતો હતો. મંદિરોમાં પણ જતો હતો. પરંતુ બધીજ ક્રિયાઓ પાછળ પોતાનો પ્રભાવ વધે તેવોજ સ્વાર્થમય હેતુ હતો. તેથી તે ડગલે ડગલે મોહરૂપી મૃગનો શિકાર થયા જ કરતો હતો. જ્યારે તેના જ ભાઈ વિભીષણનું ચરિત્ર

જુઓ. તે ત્રણે સાધનો એકી સાથે સાધે છે. પોતાની આસપાસનું વાતાવરણ તેને અનુકુળ ન હતું રાવણની પણ ધાકધમકી હતી. છતાં પણ તેણે પોતાનો વિકાસ ચાલુ જ રાખ્યો હતો. બત્રીસ દાંતોની વચ્ચે જેમ જીભ સાવધાનીપૂર્વક ઇચ્છા મુજબનો ભોગ અને સ્વાદ ભોગવે છે તેમ તે ખરાબ ગણાતા અસુરોની વચ્ચે રહીને પોતાની ધારણા પ્રમાણે આંતરિક વિકાસ કરતો રહે છે. રામાયણની કથાદ્વારા આપણને આવું અત્યંત ઉપયોગી માર્ગદર્શન મળ્યું છે. આંતરિક વિકાસ એટલે અંતઃકરણની શુદ્ધિ. તે વિના પરમાત્મા સાથે એકરૂપતા સાધી શકાય નહિ. પરમાત્માની પ્રાપ્તિ માટે તપ, સ્વાધ્યાય અને ભકિત એ ત્રણેની આવશ્યકતા છે. જ્યારે જ્યારે એકાંગી વિકાસ કરવા પ્રયત્ન થયો છે ત્યારે ત્યારે મોહરૂપી મૃગનો પ્રભાવ વધ્યો છે.

આપણે જેને અસુર અથવા રાક્ષસો માનીએ છીએ તે બધા માણસો જ હતા. તેમને કાંઇ શિંગડાં ન હતાં અથવા તો હાથી જેવા મોટા મોટા દાંત પણ ન હતા. તેઓ તો આપણી જેમ જ રહેતા ને જીવતા! પરંપરાગત પાઠપૂજા તો તેઓ પણ કરતા હતા. સંધ્યાવંદનની પ્રણાલિકાનું પાલન તેઓ નિયમિત રીતે પણ કરતા હતા. છતાં પણ તેમનામાં માનવતાનો વિકાસ થયેલો ન હતો. દેહ માનવનો મળે પણ માનવતાનો વિકાસ ન થાય તે અસુર કહેવાય! ધર્મના હાર્દમાં આ જ સત્ય ગુપ્ત પણે રહેલું છે. જો માનવતાનો વિકાસ કરવો હોય તો મનની કેળવણી પર ખાસ ધ્યાન આપવું જ પડે જે મનન કરી શકે તે જ માનવ! મનન કરવાની કળા મનદ્વારા જ સિદ્ધ થઈ શકે. મન કેળવાતું જાય તેમ તેમ તેનો આંતરિક વિકાસ થતો જાય છે. અંતઃકરણની શુદ્ધિ એ આંતરિક વિકાસની નિશાની છે. આ બધુ



સિદ્ધ કરવા માટે શરીર સ્વસ્થ રહેવું જોઇએ. સ્વસ્થ શરીર જ તપ, સ્વાધ્યાય અને ઈશ્વરની ભકિત કરી શકે! કબીર સાહેબ કહે છે કે જેણે જેણે આ સત્યની અવગણના કરી છે તે મોહરૂપી મૃગનો શિકાર અવશ્ય બન્યો જ છે! જ્ઞાની હોય કે યોગી હોય, તમામે આ સત્યને પિછાણી લેવું જોઇએ. તેથી જ કબીર સાહેબ કહે છે–

ધ્યાન ધનુષ સાંધ્યું સંધાય
સુરત નૂરતકી ગ્રહી બાંય
જો તે મારું તાકી તોહે, તબ હોત વિદેહી જાય વિલાસે!

ધ્યાનયોગીની અહીં કબીર સાહેબ વાત કરી રહ્યા છે. ધ્યાનયોગી જો યમ–નિયમ આદિ ન કરે અને ભકિતને સામાન્ય ગણીને અવગણે તો તે પણ મોહરૂપી મૃગનો શિકાર બની જાય છે. ધ્યાનરૂપી ધનુષ્ય એકાગ્રતાનું સૂચક છે. ધ્યાનયોગી એકાગ્રતા તો સિદ્ધા કરે છે. સુરત એટલે ચિત્તની એક વૃત્તિ. જે વૃત્તિ સંસારમાં સારી રીતે રત રહે છે. તેને અહીં સુરત કહી. નૂરત એટલે નિરત. જે સંસારમાં રત નથી તેવી વૃત્તિ તે નિરત અથવા નૂરત, ભલેને સંસારમાં વૃત્તિ રત ન રહેતી હોય! તેથી પણ શું! હા બીજા બધાં કરતાં તેની પ્રગતિ મહત્ત્વની તો છે જ. પરંતુ જ્યારે તે મોહરૂપી મૃગને મારવા પ્રયત્ન કરે છે ત્યારે તેની એકાગ્રતા તૂટી જાય છે. ફરીથી વિલાસ–ભોગથી પ્રાપ્ત થતા સુખ તરફ તેની વૃત્તિ દોડવા લાગે છે. મનને અહીં કબીર સાહેબે વિદેહી કહ્યું કારણ કે મનને કોઈ દેહ નથી. દેહ વગરનું તે વિદેહી મનને તો કોઇ આકાર પણ નથી. છતાં તેના પર સ્થાપિત થયેલો સંયમ ક્ષણમાં તૂટી જાય છે તેનો કોને અનુભવ નથી?

માનવ મનની આ મર્યાદા કબીર સાહેબ સારી રીતે

( અનુસંધાન પૃષ્ઠ ૬૩ ઉપર )

# સમર્પણ-પૂર્ણતાનું દ્વાર

ભાઇલાલભાઈ છાટબાર

આર્મેનિયાની એક માર્મિક પરીકથા છે :

એક ખૂંખાર વરૂ હતું. તેણે અસંખ્ય ઘેટાંઓને મારી ખાધાં હતાં અને અનેક લોકોને કલ્પાંત કરતા કરી દીધા હતા.

આખરે એક દિવસ અચાનક કોણ જાણે કેમ તે વરૂનું અંતઃકરણ ડંખી ઊઠયું અને પોતે કરેલા સંહાર માટે તેને પસ્તાવો થવા લાગ્યો. તેણે હવેથી એકપણ ઘેટાંને નહિ મારવાનો સંકલ્પ કર્યો.

આ સંકલ્પને પાકી મહોર-છાપ લાગી જાય અને પોતે તેનો ગંભીરપણે અમલ કરે તે માટે વરૂ તત્કાળ દેવળમાં પાદરી પાસે ગયું. તેણે પાદરીને 'પ્રભુ-આભાર વિધિ' (Thanks giving service) ની પૂજા ભણાવવા વિનંતી કરી.

પાદરીએ ક્રિયા શરૂ કરી અને વરૂ આંસુભરી આંખે ખડે પગે પ્રાર્થના કરતું ઊભું રહ્યું. આ વિધિ તો લાંબો ચાલ્યો.

વરૂએ પાદરીનાં ઘણાં ઘેટાંને મારી ખાધાં હતાં તેથી પાદરી ખંતથી વિધિ કરતો હતો કે જેથી વરૂ ખરેખર સુધરી જાય.

અચાનક વરૂની નજર બારી બહાર ગઇ;-અને ત્યાં તો તેણે જોયું કે ગોવાળ ઘેટાંને ઘર ભણી હાંકી જતો હતો.

વરૂને અજંપો થઈ ગયો.

પરંતુ પાદરી તો હોંશેહોંશે પાઠ કર્યે જતો હતો. તેના વિધિ-વિધાનને જાણે કે કયાંય અંત ન હતો.

છેવટે વરૂની ધીરજ ખૂટી ગઈ. તે એકદમ બાવરું બની



ગયું. તેનાથી રહેવાયું નહિ.

વરૂ બૂમ પાડી ઊઠયું-બહુ થયું હવે. બસ કરો;-નહિ તો બધાંય ઘેટાં ઘરભેગાં થઇ જશે અને કયાંક હું મારું રાતનું વાળુ ચૂકી જઇશ.

* * *

વરૂએ ભાવનામાં તણાઇ જઇ-ધૂનમાં ને ધૂનમાં-સર્વસ્વ ત્યાગનો સંકલ્પ કરેલો. કોઇ કદીય 'સર્વસ્વ' ત્યાગી શકે નહિ અને આવા-ભોજન સુદ્ધાંતના-ત્યાગની અપેક્ષા પણ કદી હોઇ શકે નહિ... ... ...

આ ઘણી સરસ પરીકથા છે કેમકે તેમાં માણસની પ્રકૃતિનું વાસ્તવિક પ્રતિબિંબ છે.

માણસ કાંઈક મહત્તાના અહોભાવથી પ્રેરાઇને મોટામાં મોટા ત્યાગની-સર્વસ્વના સમર્પણની વાત આરંભમાં કરી બેસે છે પરંતુ તે શકય હોતું નથી.

માણસે તેની આજની પરિસ્થિતિમાં-અત્યારે જ જેનો સમૂળગો ત્યાગ કરી દઈ શકે તેમ હોય તે ચીજથી શરૂઆત કરવી જોઈએ.

ત્યાગ આવશ્યક છે. કાંઈક ત્યજાય નહિ તો કાંઇ પ્રાપ્ત પણ ના થઇ શકે. પ્રવર્તમાન ક્ષણે કાંઈક મૂલ્યવાન ચીજનો ત્યાગ અવશ્ય જરૂરી હોય છે.

દા. ત. આસકિતઓનો અને ખોટા 'હું' નો.

સિદ્ધ ગુરુને શરણે જનાર માણસે પોતાની શકિત-મર્યાદા સમજી લેવી જરૂરી છે. સિદ્ધ પુરુષ સૂઝાડે અને પોતે સમજીને કબૂલ કરી લે, તે વાતને માણસે દૃઢ મનોબળથી વળગી રહેવું જોઈએ. પછી તેમાં કાંઇ બાંધછોડ કે મુદતનો વાયદો ના ચાલે. તેઓ ખોટા આભાસી 'હું' ને નિર્મળ કરી દઈ નિત્યસ્થાયી નિત્યકેન્દ્રી કાયમી સાચા 'હું' માં

માણસને પ્રસ્થાપિત કરી દે છે.

સાધનકાળ દરમ્યાન સ્ફટિક-મણિના પહેલ પડતા હોય ત્યારે દમન નિગ્રહ ત્યાગ જરૂરી છે. પહેલ પડી જતાં કડક નિયમપાલન, કઠોર બંધન કે નિયંત્રણ બિનજરૂરી બની જાય છે. પછી લોકસંગ્રહ માટે અનુકરણીય દિનચર્યાનું તે જતન કરે તેવું બને.

મુખ્ય વાત એ છે કે : સાધકે સિદ્ધ ગુરુ પાસે –પોતાની નિરંકુશ સ્વતંત્રતાના ત્યાગ સ્વરૂપ–સમર્પણ કરી દેવા તૈયાર થવું પડે છે.

માણસ સભાનતાથી કે અભાનતાથી પોતાની કલ્પિત આભાસી સ્વતંત્રતા માટે સંઘર્ષ કરતો રહેતો હોય છે અને તેનો આ સંઘર્ષ જ તેને સાચી આત્મિક સ્વતંત્રતા પ્રાપ્ત કરવા આડે આડખીલી–રૂપ બનતો હોય છે.

પરંતુ કાંઈક પ્રાપ્ત કરી શકે તેવી તાકાત ધરાવતો માણસ વહેલોમોડો સમજણ પામે છે કે આ તેણે માની લીધેલી તેની પ્રવર્તમાન સ્વતંત્રતા માત્ર એક ભ્રમ છે;–અને તે તેના આ ભ્રમને ઓળખી લઈ સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરવા તૈયાર બની જાય છે.

તે સ્વેચ્છાપૂર્વક સિદ્ધ સદ્દગુરુને આધીન બને છે અને એમના માર્ગદર્શન નીચે સાધનામાર્ગે નિષ્ઠાપૂર્વક આગળ વધે છે.

પછી આ સમર્પિત સાધક તેને જે આદેશ મળે તે મુજબ કાર્ય કરે છે, વચન ઉચ્ચારે છે અને ચિંતન–મનન કરે છે. આમ તેનાં કાર્ય, વાણી–વ્યવહાર અને ચિંતન–મનન–બધુંય સિદ્ધપીઠના સત્યનિયમને અનુરૂપ બની રહે છે.

સાધકને કાંઈ ગુમાવી બેસવાનો ભય નથી હોતો કેમકે તેણે મનથી સમજીને સંપૂર્ણપણે ખાતરી કરી લીધી હોય છે



કે તેની પાસે "તેના 'સ્વ'ની માલિકીનું કાંઈ જ નથી."

પછી આમ તે સાધનામાર્ગે હરકોઇ ચીજની પ્રાપ્તિ કરે છે.

સાધકની પોતાની અત્યાર સુધીની પ્રતિ સમજણ સહાનુ-ભૂતિઓ સુરુચિઓ અને ઇચ્છા–અભિલાષાઓ, જેને તે ભ્રમમાં સત્ય સમજતો હોય છે તે બધા નૂતન સ્વરૂપે તેને પ્રાપ્ત થાય છે. આ નૂતન સ્વરૂપે આવેલી ચીજો વિસ્મય-કારક હોય છે.

સાથોસાથ સાધના તેના અસ્તિત્વના વીખરાયેલા અંશોનું ઐક્ય લાવી આપે છે અને તેના હવેના સુસ્થાયી જાગ્રત 'સ્વ'ની સંકલ્પશક્તિ અપરાજેય બની રહે છે. તે આભાસી સત્યોમાં જીવવાને બદલે પોતે પામી ચૂકેલ સત્યોમાં જીવે છે.

પરંતુ આ બધું પ્રાપ્ત કરવા માટે સાધકે આજ્ઞાધીનતા અને પરતંત્રતાના કઠોર શિસ્તમાર્ગે ફરજિયાત ચાલવું પડે છે. તેણે બાહ્ય રીતે જ નહિ પરંતુ આંતરિક રીતે પણ સમ-ર્પિત બનવું પડે છે.

સિદ્ધ સદ્દગુરુને ચરણે બેસવા માટે સમર્પણના અફર નિર્ણયની જરૂર પડે છે. આ નિર્ણય પૂરી સમજ સાથે લેવાનો હોય છે. સાધકે પોતાના અફર નિર્ણયને પહેલાં ચકાસી લઈને પછી સ્વસ્થ સાહસિકતાથી ઝંપલાવવું જોઈએ.

આવા સાધકને પ્રતીતિ થઈ ગઇ હોય છે કે આમ સમ-ર્પિત થયા સિવાય બીજો કોઇ આરોવારો નથી કેમકે તે સ્વયં પોતે કાંઇ કરવાને શક્તિમાન હોતો નથી. વળી તેને સમજાયું હોય છે કે–'કાંઇક કરવાનું તો રહે છે જ' અને તે કરવા માટે સમર્પિત થવું અત્યંત જરૂરી છે.

અફર નિર્ણય સાથે સદ્દગુરુ ચરણે બેસનાર સાધકે પોતાની જાત પ્રત્યે અને સિદ્ધપીઠ પ્રત્યે વફાદાર રહીને,

નિર્ણયના અમલીકરણ માટે દૃઢ મનોબળથી પૂરેપૂરા સંનિષ્ઠ રહીને આગળ વધવું જોઇએ.

આવા સમર્પિત સાધકને સિદ્ધ સદ્ગુરુ સાધનાપથે આગળ ને આગળ દોરે છે. તેઓ ઉપસ્થિત થતી સમસ્યાઓનું નિરાકરણ કરે છે અને ગંતવ્યસ્થાને પહોંચાડી દે છે.

સદ્ગુરુ સ્વયં સુકાની બની સાધકની દૈહિક માનસિક આત્મિક પ્રવર્તમાન સંપત્તિની જવાબદારી ઉઠાવી લે છે અને તેના યોગક્ષેમનું વહન કરી તેને સિદ્ધિના પરમોજ્જવલ ધવલ શિખર સુધી પહોંચાડી સચ્ચિદાનંદમાં પ્રતિષ્ઠિત કરી દે છે.

સ્ફટિક–મણિ પર પહેલ–પાસા પડી જતાં સાધક પ્રકૃતિ-સિદ્ધ પુર્ણમાનવ બની જાય છે. પ્રકૃતિનાં તમામ તત્ત્વો પર તેનું શાસન સ્થાપિત થઇ જાય છે. પંચ મહાભૂતોનું ઘટન–વિઘટન કરવા તે સમર્થ બની રહે છે. તેને સંકલ્પસિદ્ધિનું વરદાન સાંપડે છે. તેનું સિદ્ધાસન કલ્પવૃક્ષ નીચે હોય છે.

સિદ્ધકક્ષાએ પહોંચી સચ્ચિદાનંદમાં સ્થિત આ પ્રાજ્ઞપુરુષ આર્ષદૃષ્ટિ પ્રાપ્ત કરે છે. તે લોકાંતર પ્રવાસ કરી શકે છે. એટલું જ નહિ પણ અન્ય લોકોમાં વસતા મુકતાત્માઓને જે તે કોઇપણ લોકમાં કે અહીંયાં મળવાનું તેને માટે સહજ અને સરલ બને છે.

આવા પૂર્ણત્વને પામેલા પુરુષના સાંનિધ્યમાં બેસતાં, ગમે તે પ્રકારની પૂર્વગ્રંથિવાળા મનુષ્યનેય કોઇ અપૂર્વ શાંતિનો અનુભવ થાય છે. એની વ્યકિતત્વપ્રતિભામાં, એની નિકટ ઉપસ્થિતિમાં, સૌ કોઈ શાંતિની વિશિષ્ટ પ્રકારની સૂક્ષ્મ લહેરોનો અનુભવ કરે છે.

આપણે એની સાથે હોઇએ છીએ ત્યારે આપણને પોતાને લાગે છે કે આપણે કોઈ ભવ્ય આધ્યાત્મિક ઘટના અને તેના



પરિબળના એક અંશ છીએ.

પૂર્ણતામાં સ્થિત આવો માનવ હિમાલયની ગુફામાંહેની કે ગંગાતટ ઉપરની કોઈ નિષ્પ્રાણ જડ પથ્થરમૂર્તિ સમાન નથી હોતો; પરંતુ એ તો પોતાના યુગની સમગ્ર માનવ-જાતને પ્રભાવિત કરી દઈ, તેને સાત્ત્વિક ઘાટઆકાર આપી, આદર્શ માનવપરિવારમાં પરિવર્તન કરી શકે એવો સ્રષ્ટા હોય છે.

પરમશકિતની આરાધના અને સેવા, તેનો પરિચય અને પ્રેમ મનુષ્યમાત્રમાં જાગે તે એનું મીશન હોય છે.

આ પૂર્ણતાને પામેલા પુરુષમાં સમસ્ત બ્રહ્માંડ સમાયેલું હોય છે તો પછી એને માટે કયો દેશ–વિશેષ પોતાનો હોઇ શકે ? સારુંય બ્રહ્માંડ હવે આ સિદ્ધપુરુષનું ઘર બની ગયું હોય છે.

---

( અનુસંધાન પૃષ્ઠ ૫૭ નું ચાલુ )

જાણુતા હતા તેથી મોહરૂપી મૃગને મારવાનો પ્રયત્ન કરવાને બદલે મોહરૂપી મૃગને ચરવાની તક ન આપવી એવો વ્યવહારુ ઉપદેશ તેમણે આપણને આપ્યો છે. પવન આવે ને ઉડી જાય તેવી વાડ કરવામાં આવે તો મોહરૂપી મૃગને મોકળું મેદાન મળી જાય. તેથી સજ્જડ વાડ કરવાનો ઉપદેશ આપ્યો છે. સજ્જડ એટલે સામનો કરી શકે તેવી વાડ. ગમે તેવા સંજોગોમાં પણ તે તેવી જ રહે. તેથી પ્રેમની માત્રા વધારતા જવું જરૂરી ગણાય. ભકિતમાં પ્રેમની માત્રા વધે તો તેની વાડ સજ્જડ બને ! મોહરૂપી મૃગનો રંજાડ અટકે !

## * અભિનંદનીય *

કેનેડાના ટોરેન્ટો શહેરમાં વસતા શ્રી અંબુભાઇ લાડનો પૂ. મા સાથેનો મેળાપ અચાનક અમેરિકાના વેસ્ટ વર્જિનિયામાં આવેલ ન્યુ વૃંદાવનમાં થયો. પિતા પુત્ર બન્ને સરસ ઢોલક ને મંજીરા વગાડી શકે. એને લીધે તે પછીની પૂ. માની કેનેડાની યાત્રા દરમ્યાનના સત્સંગોમાં ભજન ને ધૂનોમાં સારી જમાવટ થતી.

એ શ્રી અંબુભાઇએ અધ્યાત્મના ભારતના ૧૦૮ વાર્ષિક ગ્રાહકોના પૈસા પણ આપ્યા. કેવો સરસ ભાવ !

## * સદ્‌ભાવભરી ભેટ *

પ. પૂ. માશ્રી સર્વેશ્વરી અને પ. પૂ. ગુરુદેવમાં શ્રદ્ધા ભકિત ધરાવતા પરદેશમાં વસતા ભાઈ બહેનો અધ્યાત્મને પણ મદદરૂપ થતાં હોય છે. કેલિફોર્નિયાના સાન હોજેમાં રહેતા શ્રી ધનસુખભાઈ એસ. ભકત એવાજ એક સેવાભાવી વ્યકિત છે. એમણે આ વર્ષે અધ્યાત્મના પરદેશના ત્રીસ ઉપરાંત વાર્ષિક ગ્રાહકો નોંધી આપીને તેમજ પોતાના પરિચિતોમાંથી અધ્યાત્મને સહાય પણ મોકલાવી છે.

ડો. ૧૧-૨૫ શ્રી સુખાભાઈ ગોરધનભાઇ પટેલ, અલપાસો ટેકસાસ.
ડો. ૧૧-૨૫ શ્રી ઇશ્વરભાઈ ગોરધનભાઇ ભકત, વિચીટા, કાન્સાસ.

એ બન્ને ભાઇઓને પણ ભેટ બદલ અભિનંદન.

શ્રી યોગેશ્વર કૃપા.

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.

## * બે પ્રકારના માનવો *

સંસારમાં બન્ને પ્રકારના માનવો છેઃ અર્જુન અને દુર્યોધન. જે બીજાનું હડપવા માગે છે, અન્યાય અથવા અનૃતથી ઉપાર્જન કરેલી સમૃદ્ધિને ભોગવવાની ભાવના રાખે છે, બીજાના ન્યાયોચિત અધિકારોનો નાશ કરવામાં આનંદ અનુભવે છે, દુર્વિચાર–દુર્ભાવ–દુષ્કર્મને લીધે, બીજાને પાડે છે, એવા માનવોને દુર્યોધનના વંશજ કહી શકાય.

પરંતુ જે નમ્રતા, નિખાલસતાની મૂર્તિ છે, ભગવાનને જીવનરથના સારથિ બનાવી ચૂકયા છે, જે ભગવાનના મંગલ-મય માર્ગદર્શન પ્રમાણે ચાલે છે કે ચાલવા માગે છે, તે બધા અર્જુનો છે.

આજે આજુબાજુ બધે અશાન્તિના ઓળાઓ ઉતરેલા છે એનું કારણ એ પણ છે કે માનવને અર્જુનની પેઠે પર-માત્માનું શરણ સ્વીકારવાની કે પરમાત્માની પ્રેરણા મેળવીને જીવનનું નિર્માણ કરવાની અભિરૂચિ થતી નથી. માનવ દૂર્યો-ધનની પેઠે દુષ્કર્મ પરાયણ હશે ત્યાં સુધી સુખી નહીં થઇ શકે. સમાજ કે રાષ્ટ્રને પણ સુખી નહીં બનાવી શકે. દુર્યો-ધન જીવનના જંગમાં કદી પણ વિજયી બનતો નથી. શરૂઆતમાં કુકર્મોની મદદથી તે સુખી ને સમૃદ્ધ, ફાલેલો, ફુલેલો, માતેલા સાંઢ જેવો જણાય તો પણ અંતે અધઃપતન પામે છે. અર્જુન પાંડવો સાથે પીડા પામે છે, કષ્ટો વેઠે છે, ચિંતા–પરિતાપ-કલેશોમાંથી પસાર થાય છે, પરંતુ છેવટે આત્મિક સામ્રાજ્ય-નો, સુખ-શાંતિ-સમૃદ્ધિનો ઉપભોકતા બને છે.

ભારતમાં ને સંસારમાં આજે દુર્યોધનોની સંખ્યા વધી છે ને અર્જુનો ગણ્યા ગાંઠ્યા છે. એટલે દુઃખ જ દુઃખ છે. સુખ ને શાન્તિ લાવવા અર્જુનોની સંખ્યા વધારવી પડે. દરેક વ્યકિતએ આનો વિચાર કરવાનો છે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * ઈશ્વર કે મહાપુરુષોનાં દર્શન *

આ સંસારમાં બે પ્રકારના મહાપુરુષો છે. પહેલા પ્રકારના મહાપુરુષો શરીરનો ત્યાગ કરીને પરમાત્મામાં સંપૂર્ણપણે મળી જાય છે અથવા એક થઇ જાય છે. તે પોતનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવી રાખવામાં રસ ધરાવતા નથી. પરંતુ બીજા પ્રકારના મહાપુરુષોનું બંધારણ જરાક જૂદું હોય છે. તેમણે પરમાત્મા સાથે એકતા સાધી લીધી હોવા છતાં, શરીર છોડ્યા પછી તે પરમાત્મામાં પૂરેપૂરા ભળી જતા નથી. તે વિચારે છે કે આપણે તો પરમાત્માનો સાક્ષાત્કાર કરીને જીવનમુક્તપદે પહોંચી ગયા પણ હવે બીજાને પૂર્ણતા ને મુક્તિનો માર્ગ બતાવીએ, બીજાને પરમાત્માનો સાક્ષાત્કાર કરવાના કલ્યાણકારક કામમાં મદદ કરીએ, ને સંસારમાં ઈશ્વરનો સંદેશ ફેલાવીએ. એવા પુરુષો જરા વધારે પ્રેમાળ ને પરગજુ સ્વભાવના હોય છે. લોકસંગ્રહમાં માને છે. તેથી શરીરને છોડી દીધા પછી પણ પોતાના અલગ અસ્તિત્વને ટકાવી રાખે છે. તેમાંના કોઇ સૂક્ષ્મ શરીરે તો કોઇ સ્થૂલ શરીરે પણ રહે છે. તે સિદ્ધ ને મુક્ત કોટિના હોય છે.

આવા પુરુષોનાં દર્શનો ઈશ્વરની ઇચ્છાથી કે તે તે સંત કે મહાપુરુષોની કૃપાથી થઇ શકે છે. અમને આવા અનેક લોકોત્તર મહાપુરુષોનાં દર્શનો થયાં છે, એ અનુભવના આધાર ઉપર આ લખીએ છીએ. શ્રદ્ધા, પુરુષાર્થ ને લગન હોય તો આજના યુગમાં પણ તે શક્ય છે, કોઇપણ એનો અનુભવ કરી શકે છે.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.
પ્રાપ્તિસ્થાનઃ— પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧